અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ ઓક્ટોબર ૨૦૨૩, સોમવાર
વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ બીજ

વર્ષ : ૧૫
અંક : ૮૧

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ટ્રક પાછળ જીપ ઘુસી ગઈ, ૧૯ લોકો સવાર હતા

# ગુજરાત રાજસ્થાન બોર્ડર પાસે ગમખ્વાર અકસ્માતમાં ૯નાં મોત

। અરવલ્લી, તા.૧૫ ।

ગુજરાત રાજસ્થાન બોર્ડર પાસે ગોજારો અકસ્માત સર્જાયો છે. રતનપુર પાસેની રાજસ્થાનની હદમાં ગમખ્વાર અકસ્મતમાં ૯ લોકોનાં કમકમાટીભર્યા મોત નિપજ્યા છે.

આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે જીપની બ્રેક ફેઈલ થતાં ધડાકાભેર ટ્રક સાથે અથડાઈ હતી. જીપમાં ૧૯ લોકો સવાર હતા, જેમાં ૯ લોકોના મોત અને અન્ય ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાને પગલે રાજસ્થાન પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગંભીર ઘાયલોને બીછીવાડાની સરકારી હોસ્પિટલ તથા શામળાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

આ ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે, આજે બપોરે અઢી વાગ્યાની આસપાસ ટ્રક અને ક્રૂઝર જીપ વચ્ચે અકસ્માત થયો હતો. ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પર રતનપુર ચેકપોસ્ટ પાસે અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં નવ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે. જીપની બ્રેક ફેલ થતાં ગોજારો અકસ્માત સર્જાયો હતો અને જેમાં જીપ પલટી ખાઈ જતા ઉપર ટ્રક ફરી વળી હતી.જેને લઈ જીપમાં સવાર કેટલાક મુસાફરો ઘટના સ્થળે જ મોતને ભેટ્યા હતા. આ અંગે સ્થાનિક રાજસ્થાન પોલીસે જણાવ્યું કે, ૯ લોકોના મોત નિપજ્યા છે અને અન્ય વધુ ગંભીર રીતે ઈજાગ્રસ્તોને બીછીવાડાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી.

આ ઘટનાને પગલે સ્થાનિક ગુજરાત પોલીસના જવાનો પણ અકસ્માત સ્થળે પહોંચી ગયા હતા અને ઘાયલોને સારવાર માટે મોકલવામાં મદદ કરી હતી. ૮ કે ૧૦ મુસાફરોની ક્ષમતા સામે જીપમાં ૧૯ લોકો બેઠા હતા તેવી પણ માહિતી સામે આવી છે. હાલમાં રીતે ગંભીર ઘાયલોને બીછીવાડાની સરકારી હોસ્પિટલ તથા શામળાજી હોસ્પિ ટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. હાલમાં રીતે ગંભીર ઘાયલોને બીછીવાડાની સરકારી હોસ્પિટલ તથા શામળાજી હોસ્પિ ટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ થતાં સ્થાનિકો આવી પહોંચ્યા હતા અને જીપમા સવાર લોકોને બહાર કાઢવા પ્રયાસો હાથ ધર્યા હતા.

**જીપની બ્રેક ફેઈલ થતાં ટ્રક સાથે અથડાઈ હતી : ઘાયલોને બીછીવાડાની સરકારી હોસ્પિટલ તથા શામળાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા**






આ ઘટનાને પગલે સ્થાનિક ગુજરાત પોલીસના જવાનો પણ અકસ્માત સ્થળે પહોંચી ગયા હતા અને ઘાયલોને સારવાર માટે મોકલવામાં મદદ કરી હતી. ૮ કે ૧૦ મુસાફરોની ક્ષમતા સામે જીપમાં ૧૯ લોકો બેઠા હતા તેવી પણ માહિતી સામે આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતમાં ભૂકંપના મોટા આંચકા

। નવી દિલ્હી, તા.૧૫ ।

ઉત્તર ભારતમાં ફરી વાર મોટો ભૂકંપ આવ્યો છે. રવિવારે દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતમા ભૂકંપના આંચકા આવ્યાં હતા. ભૂકંપની તીવ્રતા ૩.૧ કરતા વધારે હતી. આ આંચકા ગાઝિયાબાદ, નોઈડા, ગુરુગ્રામ અને ફરીદાબાદમાં ખૂબ જ જોરદાર અનુભવાયા હતા. ભૂકંપના ડરથી લોકો ઘર અને ઓફિસમાંથી બહાર આવી ગયા હતા. સાંજે લગભગ ૪.૦૮ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર દિલ્હી-એનસીઆરમાં ભૂકંપની તીવ્રતા ૩.૧ હતી.

### મેચ પૂરી થઈ ગઈ છે પરંતુ હવે તેના પર રાજકારણ શરૂ

। નવી દિલ્હી, તા.૧૫ ।

ક્રિકેટના મેદાનમાં જ્યારે ભારત અને પાકિસ્તાનની ટીમ સામ-સામે હોય છે, ત્યારે માહોલ દેશભક્તિમય બની જાય છે. વર્લ્ડ કપ ૨૦૨૩ દરમિયાન જ્યારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને પાકિસ્તાનની ટીમો મેદાનમાં ઉતરી ત્યારે આવું જ દ્રશ્ય જોવા મળ્યું. જોકે, આ વખતે મામલો દેશભક્તિથી લઈને રામભક્તિ સુધી પહોંચી ગયો હતો. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ જોવા આવેલા દર્શકોએ જોર જોરથી ઈન્ડિયા...

## કમલનાથને છિંદવાડાથી પાર્ટીની ટિકિટ અપાઈ

# મધ્યપ્રદેશ-છત્તીસગઢ-તેલંગાણા માટે કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર

### કોંગ્રેસે મધ્યપ્રદેશની ૧૪૪, છત્તીસગઢની ૩૦ અને તેલંગાણાની ૫૫ સીટો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ છત્તીસગઢની પાટણ બેઠક પરથી ચૂંટણી લડશે

। નવી દિલ્હી, તા.૧૫ ।

આગામી લોકસભાની ચૂંટણીઓ પહેલાં વિવિધ રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ ભારે ઈમ્પેક્ટફૂલ રહેશે. આ ચૂંટણીઓની અસર વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીઓ પર પણ ચોક્કસ જોવા મળશે. ત્યારે કોંગ્રેસે ત્રણ રાજ્યોમાં પોતાના વિધાનસભા ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી દીધી છે. કોંગ્રેસે મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણા માટે તેના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. પૂર્વ સીએમ કમલનાથને છિંદવાડાથી પાર્ટીની ટિકિટ આપવામાં આવી છે. કોંગ્રેસે મધ્યપ્રદેશની ૧૪૪, છત્તીસગઢની ૩૦ અને તેલંગાણાની ૫૫ સીટો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ છત્તીસગઢની પાટણ બેઠક પરથી ચૂંટણી લડશે. આ દરમિયાન નાયબ મુખ્યમંત્રી ટીએસ સિંહદેવ અંબિકાપુરથી ચૂંટણી લડશે.

**આગામી લોકસભાની ચૂંટણીઓ પહેલાં વિવિધ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ યોજનાર છે તેની યાદી જાહેર**



છત્તીસગઢમાં કોંગ્રેસના ઉમેદવારોની યાદીની વાત કરીએ તો સીતાપુર (અનામત બેઠક)થી અમરજીત ભગત, ખરસિયાથી ઉમેશ પટેલ, કોરબાથી જયસિંહ અગ્રવાલ, શક્તિથી ચરણદાસ મહંત, અરંગ (અનામત)થી શિવકુમાર દહરિયા, લોહારા (અનામત)થી ડોંડી. અનિલા, તામરધ્વજ સાહુ, સાજા, દુર્ગ ગ્રામીણથી રવિન્દ્ર ચૌબે, નવાગઢ (અનામત)થી ગુરુ રૂદ્ર કુમાર, પાંડારિયાથી નીલકંઠ ચંદ્રવંશી, કવર્ધાથી મોહમ્મદ અકબર, ખેરગઢથી યશોદા વર્મા, ડોંગરગઢ (અનામત)થી હર્ષિતા સ્વામી બઘેલ, રાજનંદથી ગિરીશ. ડોંગરગાંવથી દલેશ્વર સાહુ અને ખુજ્જીથી ભોલારામ સાહુને ટિકિટ આપવામાં આવી છે. જ્યારે મોહલા-માનપુર (અનામત)થી ઈન્દ્રશાહ માંડવી, અંતાગઢ (અનામત), અંતાગઢ (અનામત), સાવિત્રી માંડવી (અનામત), ભાનુપ્રતાપપુર (અનામત), કાંકેર (અનામત)થી શંકર ધ્રુવ, કેશકલ (અનામત), કોંડાગાંવ (અનામત)થી સંત રામ નેતામ. મોહન લાલ મકરમ, નારાયણપુર (અનામત) માંથી ચંદન કશ્યપ, બસ્તર (અનામત) થી લાખેશ્વર બઘેલ, ચિત્રકૂટ (અનામત), દીપક બૈજ (અનામત), દંતેવાડા (અનામત) થી ચન્વિદ્ર મહેન્દ્ર કર્મા, બીજાપુર (અનામત) થી વિક્રમ માંડવી અને કોન્ટા (અનામત) થી કાવાસી લખમાને કોંગ્રેસ પાર્ટીની ટિકિટ આપવામાં આવી છે.

## જલદી આવશે રેપિડ રેલ, પીએમ મોદી કરશે ઉદઘાટન

**આ ટ્રેન ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે : આ ટ્રેનમાં ૬ કોચ હશે અને તેનો દેખાવ બુલેટ ટ્રેન જેવો હશે**

। નવી દિલ્હી, તા.૧૫ ।

દેશમાં ટૂંક સમયમાં રેપિડ રેલ આવવા જઈ રહી છે. તેને લઈને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ ગાઝિયાબાદમાં કેટલીક જગ્યાઓનું નિરીક્ષણ કર્યું છે. આ સ્થળો પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના પ્રથમ રેપિડ રેલ ટ્રાન્ઝિટ RAPIDEXનું ઉદ્‌ઘાટન કરશે. મળતી માહિતી મુજબ પીએમ મોદી ટૂંક સમયમાં રેપિડ રેલનું ઉદ્‌ઘાટન કરી શકે છે.

આ દરમિયાન પીએમ મોદી એક રેલીને પણ સંબોધિત કરશે. રેપિડ રેલની વાત કરીએ તો તમને જણાવી દઈએ કે પહેલા તબક્કામાં દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠને જોડવામાં આવી છે. આ કોરિડોરનો ૧૭ કિલોમીટર લાંબો પ્રાથમિક વિભાગ શરૂ કરવામાં આવશે. આ કોરિડોરની કુલ લંબાઈ ૮૨ કિલોમીટર હશે. તેમાંથી ૬૮ કિમી ઉત્તર પ્રદેશમાં અને ૧૪ કિમી દિલ્હીમાં છે.




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743

## ઉર્વશીનો આઇફોન ગુમાવવાની પોસ્ટ ઝડપથી વાયરલ

# મેચ જોવા માટે આવેલી ઉર્વશી રૌતેલાનો સોનાનો ફોન ચોરાયો!

। અમદાવાદ, તા.૧૫ ।

ભારત પાકિસ્તાન મેચ દરમિયાન બોલિવૂડ એક્ટ્રેસ ઉર્વશી રૌતેલાનો આઈફોન ખોવાઈ જવાની ઘટના સામે આવી છે. અભિનેત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ (અગાઉનું ટ્વિટર) પર આ વિશે ટ્વિટ કર્યું અને સ્વીકાર્યું કે તેનો આઈફોન નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ખોવાઈ ગયો હતો. તેણે અમદાવાદ પોલીસને ટેગ કરી અને અપીલ કરી છે કે એવી કોઈ વ્યક્તિને ટેગ કરવામાં મદદ કરે, જે તેનો ફોન ટ્રેસ કરવામાં મદદ કરી શકે. અભિનેત્રીની પોસ્ટના જવાબમાં અમદાવાદ પોલીસે iPhoneની વિગતો માંગી છે, જેથી તે ફોનની શોધ શરૂ કરી શકાય. આ પહેલા પણ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઈફોન ખોવાઈ જવાના કિસ્સા સામે આવ્યા છે.

## ગાઝાના લોકો મોતના ભયમાં

# હમાસના વધુ એક ટોચના કમાન્ડરનું ઇઝરાયેલના હવાઈ હુમલામાં મોત

। તેલ અવીવ, તા.૧૫ ।

પેલેસ્ટાઈનના આતંકી સંગઠન હમાસના હુમલા બાદ ઈઝરાયલ વળતો પ્રહાર કરતા સતત એરસ્ટ્રાઈક કરી રહ્યું છે. ઈઝરાયલની જવાબી કાર્યવાહીમાં પેલેસ્ટાઈનના ૨૯૦૦ જેટલા લોકોના મોત થયા છે. આ વચ્ચે ઈઝરાયલે હમાસના ઘણા કમાન્ડરોને નિશાન બનાવ્યા છે. ઈઝરાયલી એરસ્ટ્રાઈક દરમિયાન ઘણા જીવલેણ હુમલાનું નેતૃત્વ કરનાર હમાસનો એક વરિષ્ઠ કમાન્ડર ઢેર થઈ ગયો છે. આઈડીએફ (ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ) નું કહેવું છે કે નુખબા એકમના દક્ષિણી ખાન યુનિટ બટાલિયનના કમાન્ડર બિલાલ અલ-કેદરાને ઠાર કરવામાં આવ્યો છે. કેદરા ઈઝરાયલના ઘણા લોકોની હત્યાનો જવાબદાર માનવામાં આવે છે.



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN Channel Nine Network GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...




ઇઝરાયેલી મહિલાના કેસમાં ઘાયલ પેલેસ્ટિનિયન બાળકને ગાઝા પટ્ટીના રફાહની અલ-નજર હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ગાઝા પટ્ટીના રફાહમાં ઇઝરાયેલના હવાઈ હુમલા બાદ નાશ પામેલી ઇમારતના કાટમાળમાંથી પેલેસ્ટિનિયનો ઘાયલ વ્યક્તિને બચાવે છે.

### સંદીપ પટેલ પર આરોપ હતો કે તેમણે ૧૯ નવેમ્બર ૨૦૧૮માં ફ્લોરિડાના સ્ટૂઅર્ટ સિટીમાં ચાલતા એક સ્પાની મુલાકાત લીધી હતી

# અમેરિકન સિટીઝન બની ગયેલા ગુજરાતીને મળી પટેલ હોવાની સજા

। અમદાવાદ, તા.૧૫ ।

૨૫ ફેબ્રુઆરી ૨૦૧૯નો તે દિવસ હતો, અમેરિકાના ફ્લોરિડામાં રહેતા સંદીપ પટેલના ઘરની ડોરબેલ વાગી ત્યારે તેમને સવાલ થયો હતો કે આ સમયે વળી ઘરે કોણ આવ્યું હશે? તે વખતે સંદીપ પટેલના પત્ની પણ ઘરે જ હાજર હતા, અને જ્યારે દરવાજો ખોલવામાં આવ્યો ત્યારે બારણે પોલીસને ઉભેલી જોઈને સંદીપ પટેલ તેમજ તેમના પત્ની બંનેને મોટો આંચકો લાગ્યો હતો. જોકે, આ તો હજુ શરૂઆત જ હતી, સંદીપ પટેલને જ્યારે પોલીસે તેમનું અરેસ્ટ વોરન્ટ બતાવ્યું ત્યારે અમેરિકામાં ફેમિલી સાથે રહેતા આ સીધાસાદા ગુજરાતીના હોશ ઉડી ગયા હતા. ૧૯૯૦ના અરસામાં ગુજરાતથી અમેરિકા ગયેલા અને પાછળથી ત્યાંના જ સિટીઝન બની ગયેલા સંદીપ પટેલને જિંદગીમાં ક્યારેય પોલીસ સ્ટેશનનું પગથીયું ચઢવાનો વારો નહોતો આવ્યો, પરંતુ ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસે પોલીસ તેમની ધરપકડ કરવા તેમના જ ઘરે પહોંચી હતી. જ્યારે સંદીપ પટેલે પોતાનો ગુનો શું છે તે સવાલ કર્યો ત્યારે પોલીસનો જવાબ સાંભળીને તેમજ અરેસ્ટ વોરન્ટમાં પોતાની ધરપકડનું કારણ વાંચીને સંદીપ પટેલના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી, તેમને એક સમયે તો એવું જ લાગ્યું હતું કે અમેરિકામાં આટલા વર્ષોની મહેનત બાદ તેમણે જે કંઈ ઈજ્જત કમાઈ હતી તે જાણે એક જ સેકન્ડમાં બરબાદ થઈ ગઈ. ૪૭ વર્ષના સંદીપ પટેલ પર આરોપ હતો કે તેમણે ૧૯ નવેમ્બર ૨૦૧૮માં ફ્લોરિડાના સ્ટૂઅર્ટ સિટીમાં ચાલતા એક સ્પાની મુલાકાત લીધી હતી, ત્યાં તેમણે પૈસા ચૂકવીને સ્પામાં કામ કરતી કોઈ મહિલા સાથે શરીર સુખ માણ્યું હતું. પત્નીની સામે જ પોલીસે પોતાના પર આવો હલકી કક્ષાનો આરોપ લગાવતા સંદીપ પટેલની હાલત તે વખતે કાપો તો પણ લોહી ના નીકળે તેવી થઈ ગઈ હતી. પોતાના પર લાગેલા આરોપ પર સફાઈ આપતા સંદીપ પટેલે એવો દાવો પણ કર્યો હતો કે ૧૯ નવેમ્બર ૨૦૧૮ના રોજ તો તે ફ્લોરિડામાં હતા જ નહીં. જોકે, અરેસ્ટ વોરન્ટ લઈને સંદીપ પટેલના ઘરે પહોંચેલી પોલીસ તેમની કોઈ વાત માનવા તૈયાર નહોતી, ઉલ્ટાનું પોલીસનો તો એવો પણ દાવો હતો કે તેની પાસે સંદીપ પટેલ તે દિવસે સ્પામાં ગયા હતા તેના પુરાવા પણ છે.

પોલીસ આખરે કયા પુરાવાના આધારે પોતાના પર આટલો મોટો આરોપ મૂકી રહી છે તે જાણવા માટે પણ સંદીપ પટેલે પ્રયાસ કર્યા હતા. ત્યારે પોલીસે તેમને જણાવ્યું હતું કે ૧૯ નવેમ્બરના દિવસે તેમની બ્લૂ કલરની પોર્શા કાર સ્પાના પાર્કિંગ લોટમાં પડી હતી, તેમજ સીસીટીવીમાં પણ તેમનો ચહેરો જોવા મળ્યો છે. પોલીસે જ્યારે પોતાની પાસે સંદીપ પટેલનો વિડીયો હોવાની વાત કરી ત્યારે તેમની પત્ની એકદમ ભાંગી પડી હતી. તેને પોતાનો પતિ આવું કરી શકે તે વાત પર વિશ્વાસ નહોતો થઈ રહ્યો, પરંતુ પોલીસે વિડીયો હોવાનો દાવો કરતાં સંદીપ પટેલને એ જ નહોતું સમજાઈ રહ્યું કે આ બધું કઈ રીતે થયું અને પોતે પત્નીને આ અંગે કઈ રીતે સફાઈ આપે? સંદીપ પટેલે ત્યારે પોલીસને એવું પણ કહ્યું હતું કે તેમનાથી કોઈ ગેરસમજ થઈ ગઈ લાગે છે, કારણકે તેમની પાસે તો કોઈ બ્લૂ કલરની પોર્શા કાર છે જ નહીં. જોકે, સંદીપ પટેલની કોઈ દલીલ ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસે કામ નહોતી લાગી અને આખરે તેમની ધરપકડ કરી લેવામાં આવી હતી. ફ્લોરિડામાં પોતાના બે બિઝનેસ ધરાવતા તેમજ પત્ની અને બે દીકરી સાથે વર્ષોથી જેનસેન બીચમાં રહેતા સંદીપ પટેલની ધરપકડ થતાં જ મીડિયામાં તેમનું નામ ચગ્યું હતું, અને ગણતરીના સમયમાં જ તેમની વર્ષોની મહેનત અને પ્રતિષ્ઠા ધૂળધાણી થઈ ગયા હતા. સંદીપ પટેલ નિર્દોષ હતા.

## ન્યૂઝ બ્રિફ

### ST બસ, ઈક્કો અને એક્ટિવા વચ્ચે ત્રિપલ અકસ્માત, એકનું મોત

। દાહોદ, તા.૧૫ ।

દાહોદમાં એસ ટી બસ, ઈક્કો અને એક્ટિવા વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. લીમખેડા હાઈવે પર આ ઘટના બની હતી. એસ ટી બસે એક્ટિવા અને ઈક્કોને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સ્રજાયો હતો. જેમાં એક્ટિવા પર સવાર મહિલાનું મોત થયું હતું, જ્યારે એક્ટિવા ચાલકને ગંભીર ઈજા થતાં સારવાર માટે ખસેડ્યા. અમદાવાદથી દાહોદ આવતી એસટીએ બે ગાડીને ટક્કર મારી હતી. રાત્રિ દરમિયાન આ ઘટના બની હતી.

પોલીસ અને હાઈવે ઓથોરિટીની ટીમે દોડી આવી કામગીરી હાથ ધરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી. અમદાવાદના વટવા રિંગ રોડ ઉપર ગામડી ચાર રસ્તા પાસે વૃદ્ધ નોકરીથી સાયકલ લઈને ઘરે પરત જઈ રહ્યા હતા અને ગામડી ચાર રસ્તા પાસે રસ્તો ક્રોસ કરી રહ્યા હતા તે સમયે આઈસર ટ્રકના ડ્રાઈવરે વૃદ્ધને ટક્કર મારતા તેમનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યુ હતુ. આ બનાવ અંગે ટ્રાફિક જે ડિવિઝન પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોધીને તેની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

### કચ્છના વડઝરની વાડીના હોજમાં ડૂબી જવાથી ત્રણ સગાભાઈઓના અવસાન થયા

। કચ્છ, તા.૧૫ ।

કચ્છમાંથી આજે ખૂબ જ દુઃખદ સમાચાર સામે આવ્યા છે. જેમા કચ્છના વડઝરની વાડીના હોજમાં ડૂબી જવાથી ત્રણ સગાભાઈઓના દુઃખદ અવસાન થયા છે. એક જ પરિવારના ત્રણ બાળકોના મોતથી પરિવારમાં શોક છવાયો છે. 'બુટ ભવાની ફાર્મ'માં બનેલી ગોઝારી ઘટનાથી ભારે ચકચાર ફેલાઈ છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, ભુજના વડઝર ખાતે આવેલા બુટભવાની ફાર્મ પર પંચમહાલ જિલ્લાના હાલોલના મુકેશ નાયક છેલ્લા ૬ વર્ષથી ખેતમજૂરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે મુકેશભાઈના ત્રણ દીકરા કરણ, મનીષ અને શૈલેષ વાડીમાં આવેલા હોજમાં ન્હાવા પડ્યા હતા. આ દરમિયાન તેઓ અચાનક હોજના ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. આ અંગેની જાણ થતાં જ ત્રણેય બાળકોને હોજમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

## એક્સપાયરી ડેટનો સામાન વેચનાર ડી માર્ટના વેપારીને ૧ લાખ રુપિયાનો દંડ થયો

। ગાંધીનગર, તા.૧૫ ।

ગાંધીનગર ગ્રાહક સુરક્ષા ફોરમે ડીમાર્ટના વેપારી અને સપ્લાયરને રૂપિયા ૧ લાખનો દંડ ફટકાર્યો છે. કારણ કે, ડીમાર્ટમાંથી જે ગોળ ગ્રાહકને વેચવામાં આવ્યો હતો. જે ખરાબ થઈ ગયેલો અને અખાદ્ય હતો. ગોળની એક્સપાયરી ડેટ પૂરી થઈ ગઈ હતી. જેથી ગોળની કિંમત તો માત્ર રૂપિયા ૧૩૦ હતી, પરંતુ વેપારીએ તેની કિંમત ૧ લાખથી વધુ ચૂકવવી પડી. ગાંધીનગર ગ્રાહક સુરક્ષા ફોરમે ડીમાર્ટના વેપારી અને સપ્લાયરને રૂપિયા ૧ લાખનો દંડ ફટકાર્યો છે. કારણ કે, ડીમાર્ટમાંથી જે ગોળ ગ્રાહકને વેચવામાં આવ્યો હતો. જે ખરાબ થઈ ગયેલો અને અખાદ્ય હતો. ગોળની એક્સપાયરી ડેટ પૂરી થઈ ગઈ હતી. જેથી ગોળની કિંમત તો માત્ર રૂપિયા ૧૩૦ હતી, પરંતુ વેપારીએ તેની કિંમત ૧ લાખથી વધુ ચૂકવવી પડી.એવું કહી શકાય છે કે ગાંધીનગરના ડીમ માર્ટના વેપારીને રૂપિયા ૧૩૦નો ગોળ ૧ લાખમાં પડી ગયો. ગ્રાહકે બગડેલા ગોળ બાબતે ગ્રાહક સુરક્ષા ફોરમમાં ફરિયાદ કરી હતી. જો કે બંને પક્ષોની દલીલ બાદ ગ્રાહકના પક્ષમાં ચુકાદો આવ્યો. જેમાં ડીમાર્ટના વેપારી અને સપ્લાયરને રૂ. ૧ લાખ ચૂકવવા આદેશ કરાયો છે. તેમાંથી ૫૦ ટકા રકમ ગ્રાહકને મળશે. આ ઉપરાંત ગોળની રૂપિયા ૧૩૦ની રકમ ૯ ટકા વ્યાજ સાથે ગ્રાહકને પરત કરવા પણ આદેશ કરાયો છે.

## પાવાગઢ ખાતે ૨ લાખ દર્શનાર્થીઓ દર્શને ઉમટ્યા

। પંચમહાલ, તા.૧૫ ।

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે નવરાત્રીનાં એક દિવસ પહેલા જ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું છે. ત્યારે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપુર દર્શનાર્થે ઉમટી પડ્યું છે. ત્યારે બપોર સુધી આશરે બે લાખથી પણ વધારે લોકોએ મહાકાળી માતાનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. નવરાત્રી પર્વર માતાજીની જ્યોત લઈ જવાનો અનેરો મહિમા છે. પાત્રાધામ પાવાગઢ ખાતે બિરાજમાન મહાકાળી માતાનાં દર્શને આસો નવરાત્રી દરમ્યાન લાખો માઈ ભક્તો દર્શનાર્થે આવે છે. જેને લઈ વહીવટી તંત્ર, મંદિર ટ્રસ્ટ દ્વારા વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ત્યારે માચી અને ડુંગર ઉપર મોબાઈલ નેટવર્કની તકલીફ હોઈ જીઓ કંપની દ્વારા બે મોબાઈલ નેટવર્ક ટાવર પણ ઉભા કરાયા છે. ત્યારે એક ટાવર ઉપર ૫૨ કનેક્ટિવિટી પણ શરૂ કરાઈ છે. જેથી દર્શનાર્થીઓ ઈન્ટરનેટ સેવાનો લાભ લઈ શકે. માચી ખાતે દર્શનાર્થે આવતા લોકોને કોઈ તકલીફ ઉભી ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા સ્ટોલ પણ ઉભા કરવામાં આવ્યા છે. તેમજ ડુંગર ઉપર દૂધિયા તળાવમાં ભક્તો સ્નાન કરતા હોવાથી તળાવને સ્વચ્છ પણ કરવામાં આવ્યું છે. નવરાત્રીનાં એક દિવસ પહેલા લાખો ભક્તો પાવાગઢ ખાતે માતાજીનાં દર્શને પહોંચ્યા હતા. સંઘો લઈને આવેલા ભકતોની સંખ્યા આ વર્ષે વધુ હોઈ માર્ગો પર ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું.

## ખોટી જર્સી પહેરીને મેદાનમાં આવેલા કોહલીએ જર્સી બદલવી પડી

। અમદાવાદ, તા.૧૫ ।

આઈસીસી વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાઈ હતી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચની શરૂઆતમાં જ ભારતના સ્ટાર બેટર વિરાટ કોહલીથી એક મોટી ભૂલ થઈ ગઈ હતી. જોકે, તેને તરત જ તેનો ખ્યાલ આવી ગયો હતો અને તેણે પોતાની ભૂલ સુધારી લીધી હતી. આ ભૂલના કારણે કોહલીને શરૂઆતમાં જ મેદાન છોડવું પડ્યું હતું. મેચમાં ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. હકિકતમાં જ્યારે કોહલી મેદાન પર આવ્યો ત્યારે તેને ખ્યાલ આવ્યો કે તેણે જે જર્સી પહેરી છે તે તેના સાથી ખેલાડીઓએ પહેરેલી જર્સી કરતાં અલગ છે. આઈસીસી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ માટેની ભારતીય ક્રિકેટ ટીમની ઓફિશિયલ જર્સીમાં ખભા પર ત્રિરંગા કલરની પટ્ટીઓ છે. કોહલી સિવાય ટીમના તમામ ખેલાડીઓએ આ જર્સી પહેરી હતી. પરંતુ કોહલીની જર્સીમાં ત્રણેય પટ્ટીઓ સફેદ કલરની હતી. કોહલીને જ્યારે તેનો ખ્યાલ આવ્યો ત્યારે તે તરત મેદાન છોડીને જર્સી બદલવા ગયો હતો અને યોગ્ય જર્સી પહેરીને આવ્યો હતો. પાકિસ્તાન સામેની મેચમાં ભારતીય ટીમમાં એક ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં ઈશાન કિશનના સ્થાને શુભમન ગિલનો સમાવેશ કરવામાં આવ્યો છે. શુભમન ગિલ ડેંગ્યુના કારણે વર્લ્ડ કપની પ્રથમ બે મેચમાં રમી શક્યો ન હતો. ભારતીય ટીમે પ્રથમ બે મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું.

## વિશેષ લેખ


### પ્રકૃતિના સફાઇ કામદાર કાગડાનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ રહ્યું છે

# કાગડાઓ પર્યાવરણ માટે આશીર્વાદરૂપ પૂરવાર થયાં છે



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

કાળો, કર્કશ અવાજવાળું પક્ષી, જેનું નામ સાંભળતાં જ સુગ ચડે તેવું અપ્રિય અને હડધૂત થયેલા પક્ષી ''કાગડા'' વિશે બહુ ઓછું

લખાયું છે. જો કે ઈશ્વરે પૃથ્વી પરના તમામ સજીવો માટે ઓછામાં ઓછા એક દિવસ માટે પણ મહત્વ તો આપ્યું છે. જ્યારે કાગડાને તો શ્રાધ્ધના દિવસોમાં ૧૫ દિવસ વિશેષ મહત્વ આપવામાં આવેછે. ભાદરવાના ૧૫ દિવસોમાં કાળો કાગડો વી.આઈ.પી. કાગડોબની જાય છે.

હા, વાત પણ સાચી છે. શ્રાધ્ધ પક્ષમાં કાગડાભાઈનાં માનપાન વધી જાય છે. છાપરે, અગાસી પર ખીર, રોટલી તથા અન્ય પકવાનોનો કાગવાસ ધરાવવામાં આવે છે. કાગડા દેખાતા ન હોય તો પણ અવાજ નાંખીને શોધીને તેને માનભેર બોલાવવામાં આવે છે. આ શ્રાધ્ધના પંદર દિવસ અપ્રિય કાગડો લોકો માટે પ્રિય બની જાય છે. કારણ કે હિન્દુઓને કાગડામાં પોતાના પિતૃઓનાં દર્શન થાય છે. આ દિવસે હિન્દુઓ, શ્રધ્ધાળુઓ કાગડા નામના પક્ષીને નહિ પરંતુ કાગડા સ્વરૂપે પધારેલ આપણા પૂર્વજો, પિતૃઓના આત્માની શાંતિ, તૃપ્તિ માટે ભાવપૂર્વક જમાડે છે. જો કે શ્રાધ્ધના દિવસો પૂરા થયા પછી એ જ કાગડાને વર્ષ દરમિયાન હડધૂત કરી દઈએ છીએ.કાગડા પિતૃ સ્વરૂપે પૃથ્વી પર આવે છે કે નહીં એ તો ભગવાન જાણે..

પણ વૈજ્ઞાનિક દ્દષ્ટિએ કાગડો પ્રકૃતિના સફાઈ કામદાર તરીકેનું કામ કરે છે. ઘરોમાંથી બહાર ફેંકાયેલું એંઠું હોય કે રોડ પર કે જાહેર રસ્તા પર અકસ્માતથી છૂંદાઈ ગયેલું કૂતરું, બિલાડું, કે ભૂંડ હોય, કાગડાનાટોળાં તેની મિજબાની કરવા એકી સાથે કાગારોળ મચાવતા ઊતરી આવતા હોય છે અને ગણતરીના કલાકોમાં ગૂંથાયેલા દેહમાંથી ખોરાક મેળવી મિજબાની પૂરી કરી બધું સફાચટ કરી નાંખે છે. એટલું જ નહીં ખેતરમાં હાનિકારક જીવડાં પણ કાગડા ઓહિયા કરી જાય છે.

આ કાગડા પર્યાવરણ માટે આશીર્વાદરૂપ પૂરવાર થાય છે. ચિંતાની વાત એ છે કે હવે કાગડાની સંખ્યા ઘટી રહી છે. પ્રકૃતિના આ સફાઈ કામદારોની સંખ્યા ઘટતી જોવા મળે છે. રોજ સવારે આંગણે આવીને મહેમાન આવવાની દુહાઈ દેતા કાગડા હવે અગાસી કે પરસાળમાં જોવા મળતાં નથી. ઊંચા ઝાડ ઉપર કાગડાના માળા પણ ખાસ જોવા મળતા નથી. આમ પ્રકૃતિના પર્યાવરણના સફાઈ કામદાર કાગડાનું અસ્તિત્વ જોખમમાં મુકાવા માંડ્યું છે.

જો કે આ કાગડો પણ ગજબનું પક્ષી છે. લોકોથી તે ભલે હડધૂતથયો હશે પરંતુ કાગડાનું સાહિત્યમાં, ધર્મમાં વિશેષ સ્થાન, મહત્વ જરૂર છે. અપશુકન કરાવનાર, હલ્કા સ્ત્રીપુરુષ માટે ખાસ વિશેષણ ''કાગડો'' કે ''કાગડી'' શબ્દથી નવાજવામાં આવે છે. ''કાગડા...કાગડા કઢી પીવા આવ...'' એવી પંક્તિ વારંવાર ઉચ્ચારાય છે પણ કાગડો કઢી પીવે છે કે નહિ તે તો રામ જાણે. બીજી એક કહેવત કોઈ સુંદર સ્ત્રીને કોઈ સામાન્ય કદરૂપી વ્યક્તિ પરણી લઈ જાય તો લોકો કટાક્ષમાં બોલે છે કે : ''કાગડો દહીંથરૂં લઈ ગયો...''

બાળકોની વાર્તાઓમાં ચતુર કાગડાની શિયાળ, પૂરીની વાર્તા જરૂરયાદ આવે...તો કટાક્ષમાં... કાગડા બધે જ કાળા'' એ કહેવત પણ પ્રચલિત છે.

અને સામાન્ય રીતે ઉત્તર, દક્ષિણ ધ્રુવ ઉપરાંત, દક્ષિણ અમેરિકા, ન્યૂઝિલેન્ડ અમુક પેસિફિક ટાપુઓને બાદ કરતાં દુનિયાના લગભગ બધા

જ દેશોમાં આ પક્ષીની હાજરી ઓછાવત્તાપણે જોવા મળે છે.

કાગડો સામાન્ય રીતે કોઈના ઘરોમાં માળો બાંધતો નથી પરંતુ ઝાડ ઉપર ઊંચાઈએ બાંધે છે. ઘર સજાવવામાં કાગડાઓ બહુ આળસુ છે. કાગડો સાવ ઢંગધડા વગરનો માળો બનાવે છે.જેમાં નાનકડી સળીના ટુકડા, પ્લાસ્ટિકના ટુકડા, પાંદડા વગેરે ભેગા કરી માળો બનાવે છે. જેમાં કાગડી એક સાથે ત્રણથી પાંચ ઈંડા મૂકે છે. તેમાંથી બચ્ચાંબહાર આવે પછી કાગડો-કાગડી તેની સંભાળ લે છે. વાસ્તવમાં કાગડા પરિવારમાં કુટુંબભાવના ઘણી સારી વિસ્તરી છે. આ જાત સંપીલી હોય છે. તેઓ હંમેશા ટોળામાં જ જોવા મળે છે. એક કાગડો મરી જાય તો કાગારોળ કરતાં આખી કાગડાની જમાત ભેગી થઈ જાય છે.

હવે આ જમાત, ટોળાં, ક્રમશઃ અદૃશ્ય થઈ રહ્યા છે. કદાચ ખોરાકનાઅભાવે, કાગડાનું અસ્તિત્વ જોખમમાં મુકાવા માંડ્યું છે.લોકો કાગડાને ગાંઠિયા, બિસ્કિટ, ફરસાણ વગેરે ખવડાવે છે એનાથી એનું આરોગ્ય જોખમાંઈ રહ્યું છે.

આપણે સૌએ કુદરતના આ સફાઈ કામદાર કાગડાનું જતન કરવાની આપણા સૌની ફરજ છે.જો કાગડા નહીં હોય તો એક દિવસ આપણું અસ્તિત્વ જોખમાઈ જશે. હવે આ જમાત, ટોળાં, ક્રમશઃ અદૃશ્ય થઈ રહ્યા છે. કદાચ ખોરાકનાઅભાવે, કાગડાનું અસ્તિત્વ જોખમમાં મુકાવા માંડ્યું છે.લોકો કાગડાને ગાંઠિયા, બિસ્કિટ, ફરસાણ વગેરે ખવડાવે છે એનાથી એનું આરોગ્ય જોખમાંઈ રહ્યું છે. આપણે સૌએ કુદરતના આ સફાઈ કામદાર કાગડાનું જતન કરવાની આપણા સૌની ફરજ છે.જો કાગડા નહીં હોય તો એક દિવસ આપણું અસ્તિત્વ જોખમાઈ જશે. અંતમાંમારાં મિત્રકવિ શ્રી રમેશ પટેલની સુંદર કવિતા માણીને વિરમીએ... અસ્તુ.

શ્રાદ્ધના દિવસોમાં...!
-કવિ શ્રીરમેશ પટેલ
શ્રાદ્ધના દિવસોની
વહેલી સવારે
હવે હું ક્યાં નાખું વાશ?
નથી રહ્યું મારા જૂના ઘરનું
એ છાપરું!
હવે હું સરદારપુલની પાળી
મૂકું છું વાશ.
કાગડાઓ સાથે આરોગે
છે વાશ પરદેશી
પંખીઓ!
ફૂટપાટ ઉપર વેરાયેલ
વાશ ચાટી જાય છે
કૂતરાઓ!
હવે કાગડાઓની
કા..કા..થી નથી
ઊગતી સવાર.
પણ ઊગે છે 'નવી સવાર'
કબૂતરોના ઘૂ..ઘૂ..
અવાજના ઉજાસમાં!





### આ દરમિયાન ૧,૭૮૮ લોકો ઘાયલ થયા : ઈઝરાયેલી દળોએ ગાઝા શહેરના તાલ અલ-હવા પડોશ અને રેડ ક્રિસેન્ટની અલ-કુદ્સ હોસ્પિટલને ટાર્ગેટ બનાવ્યા

# ઈઝરાયેલના હુમલાઓમાં ૨૦ બાળકો સહિત ૨૫૬ લોકોનાં મોત

। નવી દિલ્હી, તા.૧૫ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. આ દરમિયાન ઈઝરાયેલના બોમ્બમારાથી ગાઝામાં કોહરામ મચી ગયો છે. ગાઝામાં ચારે તરફ તબાહીનું મંજર છે. ગાઝાની હોસ્પિટલના રિપોર્ટ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૨૦ બાળકો સહિત ૨૫૬ લોકો માર્યા ગયા છે. આ દરમિયાન ૧,૭૮૮ લોકો ઘાયલ થયા છે. એક અહેવાલ પ્રમાણે ઈઝરાયેલી દળોએ ગાઝા શહેરના તાલ અલ-હવા પડોશ અને રેડ ક્રિસેન્ટની અલ-કુદ્સ હોસ્પિટલને ટાર્ગેટ બનાવી હતી. જ્યાં સેંકડો પરિવારોએ ઈઝરાયેલી બોમ્બમારોથી રક્ષણ મેળવવા માટે આશ્રય લીધો હતો. ઈઝરાયેલી બોમ્બમારાથી સમગ્ર ગાઝા પટ્ટીમાં ડઝનેક ઘરો અને રહેણાંક ઈમારતોનો ધ્વસ્ત થઈ ગઈ છે. આ જ કારણ છે કે દક્ષિણમાં આવેલી નાસર અને અબુ યુસુફ અલ-નજ્જર હોસ્પિટલો બોમ્બ ધડાકાથી ક્ષતિગ્રસ્ત થયા બાદ ઘાયલોને મદદ કરવા સક્ષમ નથી. પેલેસ્ટાઈન આરોગ્ય અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ૭ ઓક્ટોબરના રોજથી ચાલુ કરવામાં હમાસ હુમલા બાદથી કબજા વાળા વેસ્ટ બેક્રમાં ઈઝરાયેલી ગોળીબારમાં ઓછામાં ઓછા ૫૨ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. જેરિકો શહેરમાં ઈઝરાયેલી સૈનિકોના ગોળીબારમાં એક પેલેસ્ટિનિયનનું મોત થઈ ગયુ છે. પેલેસ્ટાઈન આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, ૨૭ વર્ષીય મહમૂદ શહાદેના માથામાં ગોળી લાગ્યા બાદ જેરિકો સ્ટેટ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા પરંતુ ડોક્ટર્સ તેમને બચાવી ન શક્યા. ઈઝરાયેલી સેનાએ જણાવ્યું કે, તેમણે દક્ષિણ લેબનોનથી પાર કરવાનો પ્રયાસ કરી રહેલા ત્રણ લડવૈયાઓને ઠાર કર્યા છે. ઈઝરાયેલી સેનાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સેનાએ એક આતંકવાદી સેલની ઓળખ કરી છે જેણે લેબનોનથી ઈઝરાયેલના વિસ્તારમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે એક ડ્રોન હુમલામાં સેનાએ આતંકવાદી સેલને નિશાન બનાવ્યું અને અનેક આતંકીઓ માર્યા ગયા છે. પેલેસ્ટાઈન આરોગ્ય અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ૭ ઓક્ટોબરના રોજથી ચાલુ કરવામાં હમાસ હુમલા બાદથી કબજા વાળા વેસ્ટ બેક્રમાં ઈઝરાયેલી ગોળીબારમાં ઓછામાં ઓછા ૫૨ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. જેરિકો શહેરમાં ઈઝરાયેલી સૈનિકોના ગોળીબારમાં એક પેલેસ્ટિનિયનનું મોત થઈ ગયુ છે. પેલેસ્ટાઈન આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, ૨૭ વર્ષીય મહમૂદ શહાદેના માથામાં ગોળી લાગ્યા બાદ જેરિકો સ્ટેટ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા પરંતુ ડોક્ટર્સ તેમને બચાવી ન શક્યા. ઈઝરાયેલી સેનાએ જણાવ્યું કે, તેમણે દક્ષિણ લેબનોનથી પાર કરવાનો પ્રયાસ કરી રહેલા ત્રણ લડવૈયાઓને ઠાર કર્યા છે. ઈઝરાયેલી સેનાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સેનાએ એક આતંકવાદી સેલની ઓળખ કરી છે જેણે લેબનોનથી ઈઝરાયેલના વિસ્તારમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે એક ડ્રોન હુમલામાં સેનાએ આતંકવાદી સેલને નિશાન બનાવ્યું અને અનેક આતંકીઓ માર્યા ગયા છે.

### ઈઝરાયેલી સેનાની સંયુક્ત રાષ્ટ્રને ચેતવણી

# ગાઝા સ્થિત ૧૦.૧ લાખ લોકોને અન્ય સ્થળે ખસેડવાની સલાહ

### ૨૪ કલાકમાં લોકોને સલામત સ્થળોએ લઇ જવા પડશે

। તેલ અવીવ, તા.૧૪ ।

ઈઝરાયલી સેનાએ આજે (શુક્રવારે) સંયુક્ત રાષ્ટ્રોને જણાવી દીધું છે કે ગાઝા સ્થિત ૧૦.૧ લાખ લોકોને અન્ય સ્થળે ખસેડવામાં આવે. ૨૪ કલાકમાં જ દક્ષિણ ગાઝા પટ્ટીમાં રહેતાઓને સલામત સ્થળોએ લઈ જવા પડશે. આ સાથે, પેલેસ્ટાઈનીઓ તેવી ભીતિ સેવી રહ્યા છે કે ટૂંક સમયમાં જ ઈઝરાયલ તરફથી પ્રચંડ હુમલો ચાલવાની ભીતિ રહેલી છે. ઈઝરાયલી સેનાએ ગાઝામાં કાર્યરત તેવા યુનોના સ્ટાફને પણ ગાઝા પટ્ટી છોડી દેવા જણાવ્યું છે. આ કર્મચારીઓ શાળાઓ ચલાવે છે. આરોગ્ય કેન્દ્રો પણ ચલાવે છે. તેમ જ નાની હોસ્પિટલો પણ ચલાવે છે. યુનોના ગાઝા સ્થિત પ્રવક્તા સ્ટીફન દુજેરિકે આ માહિતી આપતાં કહ્યું હતું કે ઈઝરાયલી ટેક્રો, બખતિયાર ગાડીઓ અને ભૂમિદળોએ આ પછી ગાઝા પટ્ટી ઉપર પ્રચંડ તોપમારો અને તે સાથે સેનાકીય હુમલો શરૂ કરી દીધો છે.

વાસ્તવમાં હમાસે, ઈઝરાયલ ઉપર રોકેટ હુમલા શરૂ કર્યા પછી ઈઝરાયલે પ્રચંડ વળતા પ્રહારો શરૂ કરી દીધા છે. આ પૂર્વે ઈઝરાયલી સેનાના પ્રવક્તા જોનાથન કોનટિક્સે જણાવ્યું હતું કે આ ચેતવણી આપવાનો અમારો હેતુ, ઓછામાં ઓછી જાનહાની થાય તે જોવાનો છે. ગાઝા શહેર અને ગાઝા પટ્ટી સ્થિત સામાન્ય નાગરિકો કૈં અમારા દુશ્મનો નથી. તેથી તેઓને ઓછામાં ઓછું નુકસાન થાય તે અમે જોવા માગીએ છીએ.

### પ્રયાગરાજ નજીકની ઘટના

# ટેક્નિકલ ખામી સર્જાતા એરફોર્સના હેલિકોપ્ટરનું ખેતરમાં ઊતરાણ

### હેલિકોપ્ટરનું ખેતરમાં લેન્ડિંગ થતાં ત્યાં ભારે ભીડ એકઠી થઈ

। પ્રયાગરાજ, તા.૧૫ ।

પ્રયાગરાજમાં ઈન્ડિયન એરફોર્સના હોલિકોપ્ટરનું આજે ઈમરજન્સી લેન્ડિંગ થયુ હતું. ચેતક હેલિકોપ્ટરનું હોલાગઢ વિસ્તારના ખેતરમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યુ હતું. એરફોર્સે પણ ઈમરજન્સી લેન્ડિંગની પુષ્ટિ કરી છે. હેલિકોપ્ટરનું ખેતરમાં લેન્ડિંગ થતાં ત્યાં ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી. હોલિકોપ્ટરમાં સવાર એરફોર્સના પાયલટ એકદમ સુરક્ષિત છે. એરફોર્સ ઝોનના પ્રવક્તા સમીર ગંગાખેડકરે જણાવ્યું કે, પાયલટ અને હેલિકોપ્ટરને કોઈ નુકશાન નથી પહોંચ્યું. ટેક્નિકલ ખામી સર્જાવાના કારણે હોલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યુ હતું. ઘટના સ્થળ પર ભારે સંખ્યામાં પહોંચેલી પોલીસે લેન્ડ કરવામાં આવેલા ચેતક હેલિકોપ્ટરની આસપાસની જગ્યાને બેરિકેડ કરી દેવામાં આવી છે. સેન્ટ્રલ એર કમાનથી ટીમ ઘટના સ્થળ માટે રવાના થઈ ચૂકી છે. એરફોર્સની એન્જિનિયરિંગ યુનિટને હેલિકોપ્ટરમાં આવેલી ટેક્નિકલ ખામી દૂર કરવા માટે બોલાવવામાં આવી છે.

ગ્રામજનોએ જણાવ્યું કે, ઈમરજન્સી લેન્ડિંગ કરતા પહેલા હેલિકોપ્ટર લાંબા સમય સુધી આકાશમાં ફરતું રહ્યું હતું. અંતે હેલિકોપ્ટર જમીન પર લેન્ડ થયું. રાહતની વાત છે કે હેલિકોપ્ટર ક્રૂ સુરક્ષિત છે. પોલીસને એરફોર્સના હેલિકોપ્ટરના ઈમરજન્સી લેન્ડિંગ અંગે જાણ કરી દેવામાં આવી હતી. મામલાની ગંભીરતા જોતા મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. સુરક્ષા માટે હેલિકોપ્ટરને કોર્ડનમાં લઈ લેવામાં આવ્યું છે.

### આવકવેરા વિભાગે કોન્ટ્રાક્ટરો પાસેથી ૪૨ કરોડ રિકવર કર્યા

# બેંગલુરૂના ઘરમાંથી બોક્સમાં રાખેલી ૫૦૦-૫૦૦ની નોટો મળી

### નોટ ગણવાના મશીનો મંગાવવાની ફરજ પડી

। બેંગલુરૂ, તા.૧૫ ।



આવકવેરા વિભાગે કર્ણાટકમાં કેટલાક કોન્ટ્રાક્ટરો અને તેમની સાથે સંકળાયેલા લોકો પાસેથી ૪૨ કરોડ રૂપિયાથી વધુની રોકડ રિકવર કરી છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે હાલમાં કાર્યવાહી ચાલી રહી છે. સ્થિતિ તો એવી થઈ કે કેટલી રોકડ છે તે જાણવા માટે નોટ ગણવાના મશીનો મંગાવવાની ફરજ પડી. આટલી મોટી માત્રામાં રોકડ જોઈને આઈટી વિભાગના અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે આ રોકડ કર્ણાટકની રાજધાની બેંગ્લુરુમાં એક મકાનમાંથી મળી આવી હતી. આ મકાનમાં કોઈ રહેતું ન હતું. આ રોકડ એક બોક્સમાં રાખવામાં આવી હતી. ભાજપના નેતા અને પૂર્વ ઉપમુખ્યમંત્રી સીએન અશ્વત નારાયણે આ મામલે કોંગ્રેસ સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસે આગામી વિધાનસભા ચૂંટણી માટે કોન્ટ્રાક્ટરો પાસેથી કમિશન તરીકે આ રકમ લીધી છે. આ ખૂબ જ નજીવી રકમ છે, જે આવકવેરા વિભાગે પકડી છે. અધિકારીઓએ જણાવ્યું કે આ રોકડ કર્ણાટકની રાજધાની બેંગ્લુરુમાં એક મકાનમાંથી મળી આવી હતી. આ મકાનમાં કોઈ રહેતું ન હતું. આ રોકડ એક બોક્સમાં રાખવામાં આવી હતી. ભાજપના નેતા અને પૂર્વ ઉપમુખ્યમંત્રી સીએન અશ્વત નારાયણે આ મામલે કોંગ્રેસ સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસે આગામી વિધાનસભા ચૂંટણી માટે કોન્ટ્રાક્ટરો પાસેથી કમિશન તરીકે આ રકમ લીધી છે. આ ખૂબ જ નજીવી રકમ છે, જે આવકવેરા વિભાગે પકડી છે. આ માત્ર એક નમૂનો છે. ભાજપના નેતા અને એમએલસી એન રવિ કુમારે દાવો કર્યો હતો કે આવકવેરા વિભાગ દ્વારા જે રોકડ પકડવામાં આવી છે તે કોન્ટ્રાક્ટરો પાસેથી વસૂલવામાં આવી હતી અને તે આશરે ૪૨ કરોડ રૂપિયા હોઈ શકે છે. રોકડમાં ફક્ત ૫૦૦-૫૦૦ની જ નોટો છે. આ રોકડ ૨૩ જેટલાં બોક્સમાં ભરી રાખી હતી. એવો દાવો કરાઈ રહ્યો છે કે આ રોકડ તેલંગાણા ચૂંટણી માટે એકત્રિત કરવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો કે કોન્ટ્રાક્ટરો પાસેથી રૂ. ૬૫૦ કરોડની બાકી ચૂકવણી માટે આ રોકડ કમિશન તરીકે લેવામાં આવી હતી. રવિ કુમારે આ મામલે તપાસની માંગ કરી હતી. ભાજપના અન્ય ઘણા નેતાઓએ પણ કોંગ્રેસ પર આવા જ આરોપ લગાવ્યા છે. આ મામલાને લઈને કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું કે આ આરોપો પાયાવિહોણા છે. કોઈએ કોઈની પાસે પૈસા માંગ્યા નથી. આરોપ લગાવનારા પાસે કયા પુરાવા છે? નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે કહ્યું કે આ મામલે રાજનીતિ કરવામાં આવી રહી છે. છત્તીસગઢ, તેલંગાણા અને અન્ય રાજ્યોમાં શું થઈ રહ્યું છે તે પણ આપણે જાણીએ છીએ. જ્યાં ભાજપ સત્તામાં હશે ત્યાં કશું થશે નહીં. જ્યાં ભાજપ સત્તામાં નથી ત્યાં આવી ઘટનાઓ બને છે. તેમણે આરોપ લગાવ્યો કે કોન્ટ્રાક્ટરો પાસેથી રૂ. ૬૫૦ કરોડની બાકી ચૂકવણી માટે આ રોકડ કમિશન તરીકે લેવામાં આવી હતી. રવિ કુમારે આ મામલે તપાસની માંગ કરી હતી. ભાજપના અન્ય ઘણા નેતાઓએ પણ કોંગ્રેસ પર આવા જ આરોપ લગાવ્યા છે. આ મામલાને લઈને કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું કે આ આરોપો પાયાવિહોણા છે. કોઈએ કોઈની પાસે પૈસા માંગ્યા નથી. આરોપ લગાવનારા પાસે કયા પુરાવા છે? નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે કહ્યું કે આ મામલે રાજનીતિ કરવામાં આવી રહી છે. છત્તીસગઢ, તેલંગાણા અને અન્ય રાજ્યોમાં શું થઈ રહ્યું છે તે પણ આપણે જાણીએ છીએ. જ્યાં ભાજપ સત્તામાં હશે ત્યાં કશું થશે નહીં. જ્યાં ભાજપ સત્તામાં નથી ત્યાં આવી ઘટનાઓ બને છે.

# સાણંદ તાલુકા પંચાયતના પ્રમુખ અને પૂર્વપ્રમુખ સહિતના આગેવાનોએ સ્વચ્છતા માટે કર્યું શ્રમદાન

**અમદાવાદના સાણંદ નગરના બસ સ્ટેશન ખાતે સફાઈ ઝુંબેશનું આયોજન, બસ સ્ટેશન સ્વચ્છ અને સુઘડ બનતા મુસાફરોએ વ્યક્ત કર્યો, સાણંદ નગરપાલિકા સાણંદ તાલુકા પંચાયત અને સાણંદ એસ.ટી. ડેપોના આ સંયુક્ત આયોજનમાં બસ પાર્કિંગ, વેઇટિંગ એરિયા, સ્ટાફ પાર્કિંગ સહિતની બસ સ્ટેશનની વિવિધ જગ્યાઓની સફાઈ કરવામાં આવી હતી.**





સ્વચ્છતાને જીવનશૈલીનો અભિન્ન હિસ્સો બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા પ્રકલ્પનું આયોજન કરાયું છે. આ અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આઠ સપ્તાહ સુધી સ્વચ્છતાને સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી રહી છે.

ત્યારે તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૩, રવિવારના રોજ અમદાવાદના સાણંદ નગરના બસ સ્ટેશન ખાતે સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. સાણંદ નગરપાલિકા સાણંદ તાલુકા પંચાયત અને સાણંદ એસ.ટી. ડેપોના આ સંયુક્ત આયોજનમાં બસ પાર્કિંગ, વેઈટિંગ એરિયા, સ્ટાફ પાર્કિંગ સહિતની બસ સ્ટેશનની વિવિધ જગ્યાઓની સફાઈ કરવામાં આવી હતી.

આ સફાઈ ઝુંબેશમાં સાણંદ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કિરીટસિંહ વાઘેલા, પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદસિંહ વાઘેલા, નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર શ્રી જસુભા વાઘેલા, સાણંદ એસટી ડેપોના મેનેજર શ્રી એચ.એચ.સોલંકી સહિતના આગેવાનો, બસ સ્ટેશનનો સ્ટાફ તથા જાગૃત નાગરિકો જોડાયા હતા. સાણંદ બસ સ્ટેશનને સ્વચ્છ અને સુઘડ જોઈને મુસાફરોએ પણ આનંદ વ્યક્ત કર્યો હતો. સ્વચ્છતાને જીવનશૈલીનો અભિન્ન હિસ્સો બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા પ્રકલ્પનું આયોજન કરાયું છે. આ અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આઠ સપ્તાહ સુધી સ્વચ્છતાને સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી રહી છે. ત્યારે તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૩, રવિવારના રોજ અમદાવાદના સાણંદ નગરના બસ સ્ટેશન ખાતે સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. સાણંદ નગરપાલિકા સાણંદ તાલુકા પંચાયત અને સાણંદ એસ.ટી. ડેપોના આ સંયુક્ત આયોજનમાં બસ પાર્કિંગ, વેઈટિંગ એરિયા, સ્ટાફ પાર્કિંગ સહિતની બસ સ્ટેશનની વિવિધ જગ્યાઓની સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ ઝુંબેશમાં સાણંદ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કિરીટસિંહ વાઘેલા, પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદસિંહ વાઘેલા, નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર શ્રી જસુભા વાઘેલા, સાણંદ એસટી ડેપોના મેનેજર શ્રી એચ.એચ.સોલંકી સહિતના આગેવાનો, બસ સ્ટેશનનો સ્ટાફ તથા જાગૃત નાગરિકો જોડાયા હતા. સાણંદ બસ સ્ટેશનને સ્વચ્છ અને સુઘડ જોઈને મુસાફરોએ પણ આનંદ વ્યક્ત કર્યો હતો. સ્વચ્છતાને જીવનશૈલીનો અભિન્ન હિસ્સો બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા પ્રકલ્પનું આયોજન કરાયું છે. આ અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આઠ સપ્તાહ સુધી સ્વચ્છતાને સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી રહી છે. ત્યારે તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૩, રવિવારના રોજ અમદાવાદના સાણંદ નગરના બસ સ્ટેશન ખાતે સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. સાણંદ નગરપાલિકા સાણંદ તાલુકા પંચાયત અને સાણંદ એસ.ટી. ડેપોના આ સંયુક્ત આયોજનમાં બસ પાર્કિંગ, વેઈટિંગ એરિયા, સ્ટાફ પાર્કિંગ સહિતની બસ સ્ટેશનની વિવિધ જગ્યાઓની સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ ઝુંબેશમાં સાણંદ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કિરીટસિંહ વાઘેલા, પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદસિંહ વાઘેલા, નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર શ્રી જસુભા વાઘેલા, સાણંદ એસટી ડેપોના મેનેજર શ્રી એચ.એચ.સોલંકી સહિતના આગેવાનો, બસ સ્ટેશનનો સ્ટાફ તથા જાગૃત નાગરિકો જોડાયા હતા. સાણંદ બસ સ્ટેશનને સ્વચ્છ અને સુઘડ જોઈને મુસાફરોએ પણ આનંદ વ્યક્ત કર્યો હતો. સ્વચ્છતાને જીવનશૈલીનો અભિન્ન હિસ્સો બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા પ્રકલ્પનું આયોજન કરાયું છે. આ અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આઠ સપ્તાહ સુધી સ્વચ્છતાને સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી રહી છે. ત્યારે તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૩, રવિવારના રોજ અમદાવાદના સાણંદ નગરના બસ સ્ટેશન ખાતે સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. સાણંદ નગરપાલિકા સાણંદ તાલુકા પંચાયત અને સાણંદ એસ.ટી. ડેપોના આ સંયુક્ત આયોજનમાં બસ પાર્કિંગ, વેઈટિંગ એરિયા, સ્ટાફ પાર્કિંગ સહિતની બસ સ્ટેશનની વિવિધ જગ્યાઓની સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ ઝુંબેશમાં સાણંદ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કિરીટસિંહ વાઘેલા, પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદસિંહ વાઘેલા, નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર શ્રી જસુભા વાઘેલા, સાણંદ એસટી ડેપોના મેનેજર શ્રી એચ.એચ.સોલંકી સહિતના આગેવાનો, બસ સ્ટેશનનો સ્ટાફ તથા જાગૃત નાગરિકો જોડાયા હતા. સાણંદ બસ સ્ટેશનને સ્વચ્છ અને સુઘડ જોઈને મુસાફરોએ પણ આનંદ વ્યક્ત કર્યો હતો.

## તંત્રી લેખ...

# કાશ્મીર મુદ્દે ત્રાહિત દેશની દખલ અસ્વીકાર્ય

પાકિસ્તાનમાં અમેરિકી રાજદૂતની ગયા મહિને અચાનક પાક અધિકૃત કાશ્મીરમાં ગિલગિટ-બાલ્ટિસ્તાનની છ દિવસની ગોપનીય યાત્રા ન માત્ર ત્રીજા પક્ષના અયોગ્ય હસ્તક્ષેપ સમાન છે, બલ્કે ભારતીય સંપ્રભુતાની અવગણના કરવાને કારણે પણ ડોનાલ્ડ બ્લોમનું આ પગલું ભારે વાંધાજનક છે. શું તેમને એ યાદ નથી કે ભારતની સંસદે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરને દેશમાં સામેલ કરવા સંબંધિત પ્રસ્તાવ પણ પસાર કરી રાખ્યો છે? પરંતુ તેની અવગણના કરતાં ગયા મહિને બ્રિટનના સાંસદ એંડહ જિમ્નેએ પીઓકેની મુલાકાત દરમ્યાન જેકેએલએફના વડા યાસીન મલિકની પત્ની સાથે મુલાકાત કરી અને જમ્મુ-કાશ્મીરમાં માનવાધિકારો પર પણ ચર્ચા કરી. તેમણે તો આઝાદ કાશ્મીરની વાત ઉઠાવતાં ત્યાં સંયુક્ત રાષ્ટ્રના નિર્દેશનમાં જનમત સંગ્રહ કરાવવાની પણ વાત કહી દીધી! અમેરિકા અને બ્રિટન સાથે ભારતને મૈત્રીપૂર્ણ સંબંધો છે, તેથી નવી દિલ્હી એ આશા રાખે છે કે તેઓ આપણી સંપ્રભુતાનું સન્માન કરશે. પરંતુ દુર્ભાગ્યપૂર્ણ રીતે વારંવાર આપણી સંપ્રભુતા અને ક્ષેત્રિય અખંડતાની જાણે-અજાણે અવગણના કરવાની કોશિશ કરાઈ રહી છે. ગયા વર્ષે પણ પહેલાં એપ્રિલમાં કાશ્મીર મામલે પાકિસ્તાનનું સમર્થન કરનારી અમેરિકાની સાંસદ ઈલ્હામ ઉમરે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરની યાત્રા કરી હતી, પછી ઓક્ટોબરમાં બ્લોમે મુઝફ્ફરાબાદની મુલાકાત લીધી હતી અને સાથે જ ત્યાં પાકિસ્તાન દ્વારા નિયુક્ત તત્કાલીન વડાપ્રધાન સાથે પણ મુલાકાત કરી હતી. આ વખતની પોતાની ગોપનીય યાત્રામાં બ્લોમે ત્યાં સંયુક્ત રાષ્ટ્રની કેટલીય પરિયોજનાઓની માહિતી લીધી, બલ્કે એ પણ ખબર પડી કે તેઓ ગિલગિટ-બાલ્ટિસ્તાન વિધાનસભાના ઉપાધ્યક્ષ સહિત કેટલાક સદસ્યોને પણ મળ્યા. પરંતુ પાકિસ્તાન સ્થિત અમેરિકી દૂતાવાસે જ નહીં, પરંતુ ખુદ પાકિસ્તાને પણ આ યાત્રાને ગુપ્ત રાખી. શું એ કોશિશ એટલા માટે હતી, જેથી ભારતને આ બાબતે ખબર ન પડી જાય? પાકિસ્તાની કબ્જાવાળા કાશ્મીરમાં વિદેશી રાજદ્વારીઓના આ સતત પ્રવાસથી શંકા પેદા થવી સ્વાભાવિક છે. આ મુલાકાતો દ્વારા તેઓ આખરે શું મેળવવા માંગે છે? સત્ય તો એ જ છે કે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં હાલમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર અને વીજળીના વધેલા બિલને લઈને બળવા જેવી સ્થિતિ છે અને લોકો વારંવાર સડકો પર ઉતરી રહ્યા છે. અમેરિકા અને ઈંગ્લેન્ડ જેવા દેશોએ એ સમજવું પડશે કે કાશ્મીર મુદ્દા પર ભારતને કોઈ ત્રીજા પક્ષનો હસ્તક્ષેપ કદાપિ મંજૂર નથી.

# બેવડાં ધોરણો અપનાવતું પશ્ચિમી મીડિયા

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો તરફથી ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં કથિત ભારતીય એજન્ટનો હાથ હોવાનો સનસનીખેજ આરોપ લગાવવાની સાથે જ આ મામલો દુનિયાભરમાં એક મોટો મુદ્દો બની ગયો. એટલા માટે, કારણ કે અમેરિકી સુરક્ષા સલાહકારે એમ કહ્યું કે આ મામલે કોઈને છૂટ ન આપી શકાય. તેની સાથે જ પશ્ચિમી મીડિયાનો એક હિસ્સો ભારતને દોષીત ગણાવવા અને પશ્ચિમી દેશોને તેના વિરુદ્ધ કઠોર કાર્યવાહી કરવાની સલાહ આપવા લાગ્યો છે. જોકે નિજ્જર એક આતંકવાદી હતો અને એક સમયે તે કેનેડા અને અમેરિકાની 'નો ફ્લાય લિસ્ટ'માં પણ સામેલ હતો, છતાં પશ્ચિમી મીડિયા તેને પૂજારી, પ્લંબર અને શીખ નેતા વગેરે ગણાવતું રહ્યું. ધ ઈકોનોમિસ્ટે પોતાના આ મતલબના સમાચારને પાંચ દિવસમાં ઓછામાં ઓછા છ વખત ટ્વિટર પર પોસ્ટ કર્યા, કે જો ભારત નિજ્જરની હત્યામાં સામેલ જોવા મળે તો પશ્ચિમી દેશોએ સીધા નરેન્દ્ર મોદી પ્રત્યે સખ્તાઈ રાખવી જોઈએ. ફાઈનાન્શિયલ ટાઈમ્સ તો નિજ્જરને લઈને એટલું દ્રવિત થઈ ગયું કે તેણે લખ્યું કે તે પોતાના હાથેથી કિચન સાફ કરતો હતો અને છાત્રોની મદદ કરતો હતો. તે તેમના માટે પિતાતુલ્ય હતો! વોશિંગ્ટન પોસ્ટે લખ્યું કે નિજ્જર શાંતિપૂર્ણ અને લોકતાંત્રિક રીતે શીખો માટે અલગ હોમલેન્ડની માંગ કરી રહ્યો હતો. અમેરિકાની ન્યૂઝ એજન્સી એપીએ તેને શીખ એક્ટિવિસ્ટ ગણાવ્યો. આ બધું ત્યારે લખાઈ રહ્યું હતું, જ્યારે એસોલ્ટ રાઈફલ લઈને તેના કેટલાય ફોટો ઈન્ટરનેટ મીડિયા પર પ્રસારિત થઈ રહ્યા હતા. બીબીસી એમ કહી રહ્યું હતું કે પશ્ચિમી દેશોએ ભારતને રશિયા, ઈરાન અને સઉદી અરબ જેવા કામ કરવાની અનુમિત ન આપવી જોઈએ. બીબીસીને એ જણાવવાની જરૂર ન લાગી કે આ પ્રકારનાં કામ અમેરિકા અને ઈઝરાયલેને પણ કરવાની પરવાનગી ન આપી શકાય. ન્યૂયોર્ક ટાઈમ્સે નિજ્જરને શીખ એક્ટિવિસ્ટ કહીને સંબોધિત કર્યો. આ એ જ ન્યૂયોર્ક ટાઈમ્સ છે, જેણે તાલિબાનના સૌથી ખૂંખાર આતંકી વડા સિરાજુદ્દીન હક્કાનીનો એક લેખ તેમ છતાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો કે એફબીઆઈએ તેના પર ૫૦ લાખ ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું. તેણે એ લેખમાં લખ્યું હતું કે તાલિબાન મહિલાઓના શિક્ષણનું પક્ષકાર છે. અલકાયદાનું વાજું કહેવાતા અને કતાર સરકારના ટુકડા પર નભનારા અલ ઝઝીરાએ લખ્યું કે જો ભારત નિજ્જરની હત્યામાં સામેલ જોવા મળે છે તો તે આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન હશે. પશ્ચિમી મીડિયાએ એ જણાવવાની કોઈ જરૂરિયાત ન માની કે નિજ્જર ગેરકાયદે દસ્તાવેજોના સહારે રવિ શર્માના નામે કેનેડા પહોંચ્યો હતો અને તે એક હિંદુ પૂજારીની હત્યાની સાથે જ એક સિનેમાઘરમાં વિસ્ફોટ માટે જવાબદાર હતો. પશ્ચિમી મીડિયાએ એ પણ ન જણાવ્યું કે ભારતે એના પર દસ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. પશ્ચિમી મીડિયાએ એ તથ્યની પણ અવગણના કરવી જરૂરી માન્યું કે કેનેડાએ શરૂઆતમાં નિજ્જરના નાગરિકતાની અરજી ઠુકરાવી દીધી હતી. જ્યારે તેણે ત્યાંની એક મહિલા સાથે લગ્ન કરી લીધાં, ત્યારે પણ તેને નાગરિકતાને લાયક નહોતો સમજવામાં આવ્યો. કોઈ નથી જાણતુ કે બાદમાં કેવી રીતે તેણે ત્યાંની નાગરિકતા મેળવી લીધી! માનવામાં આવે છે કે તેને નાગરિકતા અપાવવાનું કામ ટ્રુડોની પાર્ટીના એક ખાલિસ્તાન સમર્થક શીખ સાંસદે કર્યું. સાચું જે હોય તે, કેનેડા ભારતથી ભાગેલા ખાલિસ્તાની આતંકીઓ, ગેંગસ્ટરો અને નશા તસ્કરોનું સુરિક્ષત આશ્રયસ્થાન છે. પશ્ચિમી મીડિયા એક તરફ જ્યાં જસ્ટિન ટ્રુડોના અપુષ્ટ આરોપોને સાચા માનીને ચાલી રહ્યું છે, ત્યાં જ એ બતાવવામાં ચાલાકી કરી જાય છે કે કેનેડામાં કઈ રીતે ભારતીય રાજદ્વારીઓને 'કિલર' ગણાવતા પોસ્ટર જાહેર સ્થળો પર લગાવવામાં આવ્યા. પશ્ચિમના કોઈ મીડિયા સંસ્થાએ એ પૂછવાની પણ જહેમત ન ઉઠાવી કે જ્યારે નિજ્જરની હત્યાની તપાસ ચાલુ છે અને કેનેડા પોલીસ તેના હત્યારાઓનું નામ સુદ્ધાં નથી જાણી શકી, તો પછી જસ્ટિન ટ્રુડો એ નિષ્કર્ષ પર કઈ રીતે પહોંચી ગયા કે તેની હત્યામાં ભારતનો હાથ છે? પશ્ચિમી મીડિયાનું ભારત વિરોધી અને પક્ષપાતી વલણ નવું નથી. તે એવા શ્રેષ્ઠતાબોધથી ગ્રસ્ત છે કે ભારત સહિત દુનિયાએ એ જ કરવું જોઈએ, જેવું તે લખે છે અને બોલે છે.

# છિદ્રાળી માનસિકતાના પ્રતિક રૂપે ગરબાનું સ્થાપન કરવામા આવે છે, અને મા ને કહીએ છીએ કે અમે તો આવાં છીએ! પણ તું એમાં સકારાત્મક ઊર્જાનો પ્રકાશ કરી અમને આ દીપક જેમ પ્રકાશિત કરી દે!



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે મા જગત જનની.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઓચિંતી આંગણામાં આવી અલબેલડી અંબા ના સ્વાગત હું શા શા કરું!! એ ગરબાથી બધાંએ મા દુર્ગાના વધામણા કર્યા, અને મા નવદુર્ગા સાક્ષાત આવ્યા હોય એમ સૌનું મન ભર્યું ભર્યું થયું. દુનિયાભરમાં કેટલીય સંસ્કૃતિ આવીને ગઈ અને હાલમાં અસ્તિત્વમાં પણ છે. પરંતુ "સીદી બાઈને સીદકા વ્હાલાં" એમ આપણને તો આપણી હિન્દુ સનાતન સંસ્કૃતિ જ ગમે! અને ગમવા પાછળ ઘણાં કારણો છે. પરંતુ મુખ્ય કારણ કોઈ હોય તો એ છે સાકર અને નિરાકાર બ્રહ્મની ઉપાસના. પણ આપણે રહ્યા સંસારી એટલે નિરાકાર બ્રહ્મનું ધ્યાન આપણાથી કેમ લાગે! એટલે કોઈ નિશ્ચિત સ્વરૂપની સ્થાપના કરી એની સીધીસાદી પૂજા અર્ચના કરી આપણે સંન્યાસી જેટલું જ એનું સામીપ્ય અને સાનિધ્ય પામી શકીએ છીએ. આસો નવરાત્રીમાં મા નવદુર્ગા રાસ રમવા અવની પર આવે છે એવી એક માન્યતા ને કારણે આપણે ત્યાં શેરીએ શેરીએ મા ની ગરબીની સ્થાપના કરવામાં આવે છે. આ ઉપરાંત લગભગ બધા પોતાના ઘરે પણ મા નવદુર્ગા ના પ્રતિક સમાન ગરબા નું સ્થાપન કરે છે.

દરેક વાતમાં વૈવિધ્ય એ આધુનિક યુગની ખાસિયત છે, અને એને કારણે બજારમાં જાતજાતના ગરબા હવે ઉપલબ્ધ થાય છે. પણ ગરબો સ્થાપન કરવાનું મુખ્ય કારણ એ છે કે ગરબો એટલે છિદ્ર વાળો ઘટ, એ રીતે જોઈએ તો પરમાત્મા અને પરમ શક્તિની અનુકંપાથી આપણે પણ આ નવ નવ છિદ્રધારી દેહ સાથે આ અલબેલી અવની પર આવ્યા છીએ, અને એણે તો અહીં સૌ સમાન છે, અને બધા હળીમળીને એકબીજા સાથે આનંદથી રહેશે એવું વિચારી જન્માવ્યા પણ અફસોસ એ છે કે આપણે એમ જીવી ન શક્યાં! અને જે અણમોલ માનવ જીવન આપણને મળ્યું છે એનો આપણે સંતોષ ન કરી શક્યા! ટૂંકમાં આપણી છિદ્રાળી માનસિકતાના પ્રતિક રૂપે આપણે ગરબા નું સ્થાપન કરીએ છીએ અને મા ને કહીએ છીએ કે અમે તો આવાં છીએ પણ તું એમાં સાત્વિક શુદ્ધ અને સકારાત્મક ઊર્જાનો પ્રકાશ કરી અમને આ દીપક જેમ પ્રકાશિત કરી દે! કંઈ કેટલીય ભૂલો કરી! ઉપરાંત પરમાત્માની વિભૂતિ છે એ મનને આ જુવે છે તે જુવે છે! મારી પાસે નથી, તેની પાસે તો ફૂટી કોડી નથી, અને પેલા પાસે લાખ છે! અને આવી હુંસાતુંસીમાં પછી નિર્મળ મનમાં ઈર્ષા નિંદા દ્વેષ અહંકાર અને ન જાણે કેટલુંય સંઘર્યું, અને મલિન કરી નાખ્યું! અને દરેક પાસે એક જ જવાબ કાળની બલિહારી છે! અને સાચે રુપિયાની એટલી બોલબાલા છે કે લોકોનાં અંગત સંબંધોમાં પણ લાગણી પ્રેમ હુંફ ની બદલે સ્વાર્થનું દૂષણ વધી ગયું છે! આશ્ચર્યની વાત તો ત્યાં છે કે એકવાર મેળવી લીધાં પછી પણ કોઈ ધરાતાં નથી! અને એટલે સૌના જીવન મંગલ તેમજ ધન ઐશ્વર્ય માટે આપણે આ વખતે કનકધારા સ્તોત્ર નો સહારો લીધો છે.

★ કનકધારા સ્તોત્ર★

કાલાંબુદાળિ લલિતોરસિ કૈટભારેઃ
ધારાધરે સ્ફુરતિ યા તટિદંગનેવ।
માતુસ્સમસ્તજગતાં મહનીયમૂર્તિઃ
ભદ્રાણિ મે દિશતુ ભાર્ગવનંદના યાઃ ॥ ૫ ॥

જેવી રીતે ઘટાટોપ વાદળોમાં વીજળી ઝબૂકે છે તેવી રીતે કૈટભ દૈત્યના શત્રુ શ્રી વિષ્ણુ ભગવાનની કાળી મેઘ-માળા સમાન મનોહર વક્ષસ્થળ ઉપર વિદ્યુત સમાન દેદીપ્યમાન દેખાય છે, તેવી જે સમસ્ત લોકોની માતા, ભાર્ગવ પુત્રી ભગવતી શ્રી લક્ષ્મીની પૂજનીય મૂર્તિ મને કલ્યાણ પ્રદાન કરે.

પ્રાપ્તં પદં પ્રથમતઃ ખલુ યત્પ્રભાવાત
માંગલ્યભાજિ મધુમાથિનિ મન્મથેન।
મય્યાપતેત્તદિહ મંથરમીક્ષણાર્થં
મંદાલસં ચ મકરાલય કન્યકા યાઃ ॥ ૬ ॥

સમુદ્ર કન્યા લક્ષ્મીની એ મદાલસ, મન્થર, અર્ધમિચેલી ચંચળ દૃષ્ટિના પ્રભાવથી કામદેવે મંગલમૂર્તિ ભગવાન મધુસૂદનના હૃદયમાં અત્યંત પ્રભાવશાળી સ્થાન પ્રાપ્ત કર્યું હતું, એ જ દૃષ્ટિ અહીં મારા ઉપર પડે.

વિશ્વામરેંદ્ર પદ વિભ્રમ દાનદક્ષમ
આનંદહેતુરધિકં મુરવિદ્વિષોઽપિ।
ઈષન્નિષીદતુ મયિ ક્ષણમીક્ષણાર્થં
ઇંદીવરોદર સહોદરમિંદિરા યાઃ ॥ ૭ ॥

જે ભગવાન મધુસૂદનના કૌસ્તુભમણિથી વિભૂષિત ક્ષઃસ્થળમાં ઈન્દ્રનીલમથી હારાવલીની જેમ સુશોભિત હોય છે તથા ભગવાનના પણ ચિત્તમાં કામ એટલે કે સ્નેહનો સંચાર કરનારી છે તે કમળકુંજ નિવાસી લક્ષ્મીની કટાક્ષમાળા મારું મંગળ કરે.

ઈષ્ટા વિશિષ્ટમતયોપિ યયા દયાર્દ્ર
દૃષ્ટ્યા ત્રિવિષ્ટપપદં સુલભં લભંતે।
દૃષ્ટિઃ પ્રહૃષ્ટ કમલોદર દીપ્તિરિષ્ટાં
પુષ્ટિં કૃષીષ્ટ મમ પુષ્કર વિષ્ટરા યાઃ ॥ ૮ ॥

ભગવાન નારાયણની પ્રેમિકા લક્ષ્મીના નેત્રરૂપી મેધ, દવારૂપી અનુકૂળ વાયુથી પ્રેરિત બની દુષ્કર્મ કે કુકર્મ રૂપી ધામને દીર્ઘકાળ સુધી દૂર ખસેડી વિષાદગ્રસ્ત મુજ દીન-દુઃખી, ચાતક સમાન ઉપર ધનરૂપી ધારાની વર્ષા કરો.

આપણે ગઈકાલે કનકધારા સ્તોત્ર વિશે લખ્યું ત્યારે સ્પષ્ટ રીતે કહ્યું હતું કે આ સ્તોત્રની રચના ભગવાન આદિદેવ જગતગુરુ શંકરાચાર્યએ કરી છે અને આપણે સૌ જાણીએ છીએ કે એ સંન્યાસી હતા એટલે કે એમણે પોતાના જીવન નિર્વાહ માટે કોઈ ધન એશ્વર્યા ની જરૂર નહોતી એ તો ભિક્ષા માગીને જ જીવન વિતાવતા હતા પરંતુ ગૃહસ્થની ગરીબી જોઈએ એમના અંતરમાં કારુણ્ય ભાવ ઉત્પન્ન થયો અને એમણે એ ગૃહસ્થની ગરીબી દૂર કરવા માટે આ સ્તોત્રની રચના કરી એટલે આપણે જો ધનવાન થવું હોય તો અન્ય માટે ધનની માંગ કરવી પડે! પણ આપણી માનસિકતા તો દિવસે ને દિવસે અન્યનું છીનવી લેવાની થતી જાય છે એટલે આવો ભાવ ક્યાંથી આવે! પણ જો આવે તો ધનવાન થવું કંઈ અઘરું નથી, અને બીજી રીતે જોઈએ તો સંન્યાસી જેવું જીવન બનાવવું પડે, ત્યારે લક્ષ્મી સંન્યાસીની ઈચ્છા પ્રમાણે ધનની વર્ષા કરે! સન્યાસી થવું એટલે ભગવાન પહેરીને જંગલમાં નીકળી પડવું એવો અર્થ બિલકુલ નથી એ સૌ સંન્યાસીઓએ આપણા જીવનમાં માર્ગદર્શન પૂરું પાડી શકે એટલે પોતાના જીવન ઈશ્વર તત્વની ખોજમાં વિટાવી દીધા અને નકર પરિણામ હાથ લાગતા એમણે સંસારીઓ પણ ઈશ્વર તત્વ ને પામી શકે એવા સીધાસાદા સૂત્રો આપણી માટે શોધ્યા. બેશક કોઈ ગરીબની અત્યંત ગરીબીને જોઈને અંતરમાં કરુણાના ભાવ તો આજે આપણને પણ થાય છે, પણ એની માટે આપણી પાસે કંઈ છે એમાંથી ત્યાગ થતો નથી, અને થાય તો પણ કરવો જોઈએ અથવા તો આપણી હેસિયત છે એટલો થતો નથી અને એની માટે, માત્ર ને માત્ર સ્વાર્થ અને સ્વાદ આ બે જ જવાબદાર છે.

આપણી માનસિકતા સ્વની આસપાસ કેન્દ્રિત થઈ ગઈ એને પરિણામે જ આપણે નિત્ય સંન્યાસી જેમ જીવી શકતા નથી. જો જીવી શકીએ તો બે રીતે ફાયદો છે એક તો વસ્તુના અભાવવાનો અસંતોષ મટી જાય, કારણકે અભાવા નો સતત ભાવ કરવા જેટલી ખરાબ આપણી પરિસ્થિતિ નથી, અને બીજું મારી પાસે જે કંઈ છે તે મારું એકલાનું નથી આમાં બીજાના પ્રારબ્ધ પણ જોડાયેલા છે એમ સમજી સવમાં વહેંચવાનો ભાવ આવે છે. આપણે ત્યાં સાધુ સંતો મહંતો કે જે લોકો ભિક્ષા દ્વારા પોતાનો જીવન નિર્વાહ કરે છે એ ભિક્ષામાંથી પણ ભાગ કાઢતા હોય છે એટલે કે પોતાની માટે તો ધન એશ્વર્યા ની ક્યારેય કામના કરતા નથી પરંતુ જે કંઈ ભિક્ષા રૂપે મળ્યું છે એમાંથી પણ ભૂત યજ્ઞ એટલે પ્રાણીઓનો ભાગ કાઢી પછી જ આરોગતા હોય છે. ભગવાન આદિદેવ શંકરાચાર્યએ આ સ્તોત્ર ની રચના કરી આપણને માત્ર ધનવાન બનવાનો માર્ગ નથી બતાવ્યો પરંતુ અન્ય માટે આમ કરુણા કરવી એવો માર્ગ પણ ચીન્યો છે એ વાત યાદ રાખી આપણે સૌ આપણી ધન સંપત્તિનો ઉપયોગ કરી અને એમની જેમ જગત કલ્યાણનું વિચારી શકીએ એવી એક પ્રાર્થના માં જગતજનની જગદંબા ભગવતીના ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# સાથિયા પુરાવો દ્વારે દિવડા પ્રગટાવો રાજ આજ મારે આંગણે પધારશે મા પાવાવાળી

**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા





હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જે આ આંખલડી રાતીને ઉજાગરો ભારે કીધો આજ અમે ગ્યા તા સોનીડાને હાટ જો આ ઝાલ ઝૂમણા વહોરતાં ને, વ્હાણ લાં વાહી ગયાં હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો આ આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો આજ અમે ગ્યા તા મણિ યારાને હાટ જો આ ચૂડલડો ઉતરાવતાં, વ્હાણલાં વાહી ગયાં હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો આ આંખલડી રાતીને ઉજાગરો ભારે કીધો...

તું કાળી ને કલ્યાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા...તું ચારે તે યુગમાં ગવાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા...તને પહેલા તે યુગમાં જાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા...તું શંકર ઘેર પટરાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા. તું ભસ્માસુર હણનારી રે મા,જ્યાં જોઉં ત્યાં જોગમાયા..

ઠેર ઠેર ગુજતાં પ્રાચીન અર્વાચીન ગુજરાતી ગરબાઓની રમઝટ વચ્ચે આજે બીજા દિવસે દુર્ગાનું બીજું સ્વરૂપ બ્રહ્મચારિણીનું છે, અહીંયા બ્રહ્મચારિણીનું તાત્પર્ય તપ ચારિણી છે. તેમણે ભગવાન શંકરને પતિ સ્વરૂપે પ્રાપ્ત કરવા માટે ઘોર તપસ્યા કરી હતી. એટલા માટે તે તપશ્ચારિણી અને બ્રહ્મચારિણીના નામથી ઓળખાય છે.નવલા નોરતાની રમઝટ ગઈ કાલથી શરૂ થઈ પ્રથમ દિવસે ઘટ સ્થાપન અને રાત્રે ગરબી પધરાવી માતાજીના ગુણગાન ગાવાની શરૂ આત કરી આમ તો નવરાત્રિઆખા ભારતમાં ખુબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. આપણે તો ગુજરાતી એટલે ગરબા વગર તો નોરતાં થોડાં જામે આ નોરતાનું પર્વ નવ દિવસ સુધી ચાલે છે. આ નવ દિવસની અંદર આપણેપાર્વતી લક્ષ્મી અને સરસ્વતીની નવ દેવી ઓના રૂપમાં પુજા કરીએ છીએ. પહેલા દિવસે પાર્વતીના ત્રણ સ્વરૂપ (કુમાર, પાર્વતી અને મહાકાલી) આગલના ત્રણ દિવસો માં લક્ષ્મી માતાના સ્વરૂપો ની અને પાછલા ત્રણ દિવસોમાં સરસ્વતીના ત્રણ રૂપોની પુજા કરવામાં આવે છે. આ ત્રણેય દેવીઓ શક્તિ, જ્ઞાન અને સંપદાનું પ્રતિનિધિત્વ કરે છે. તો આ નવ રૂપો વિશે થોડીક જાણીએ ગઈ કાલે એટલે કે પંદરમી ઓક્ટોબર રવિવારે પહેલા દિવસે ઘટ સ્થાપન બાદ દુર્ગા શૈલીપુત્રી આધ્ય શક્તિ દુર્ગાનું પૂજન અર્ચન કર્યુ પહેલું સ્વરૂપ શ્રી શૈલીપુત્રીનું છે. આ પર્વતરાજ હિમાલયની પુત્રી હોવાથી તેને શૈલીપુત્રી કહેવામાં આવે છે. નવરાત્રિના પ્રથમ દિવસે આની આરાધના અને પુજા કરવામાં આવે છે. આમની પુજા કરવાથી મુલાધાર ચક્ર જાગ્રત થાય છે જેના દ્વારા સાધકને ચક્ર જાગ્રત થવાથી મળતી સિધ્ધીઓ તેની જાતે જ પ્રાપ્ત થઈ જાય છે. આજે બીજા દિવસે દુર્ગા શ્રી બ્રહ્મચારિણી આધ્ય શક્તિ દુર્ગાનું બીજું સ્વરૂપ બ્રહ્મચારિનું છે,અહીંયા બ્રહ્મ ચારિણીનું તાત્પર્ય તપચારિણી છે. તેમણે ભગવાન શંકરને પતિ સ્વરૂપે પ્રાપ્ત કરવા માટે ઘોર તપસ્યા કરી હતી. એટલા માટે તે તપશ્ચારિણી અને બ્રહ્મચારિણીના નામથી ઓળખાય છે. નવરાત્રિના બીજા દિવસે આમની પુજા- અર્ચના કરવામાં આવે છે. આમની પુજા કરવાથી મનુષ્યને તપ, ત્યાગ વૈરાગ્ય, સદાચાર અને સંયમની વૃધ્ધી થાય છે. તેમજ મન પણ કર્તવ્ય પથ પરથી વિચલીત થતું નથી.ત્રીજા અને ચોથા દિવસે દુર્ગા શ્રી ચંદ્રઘંટા- દુર્ગા શ્રી કૃષ્માંડા આદ્ય શક્તિ દુર્ગાનું ત્રીજુ રૂપ એટલે શ્રી ચંદ્રઘંટા. આમના મસ્તક પર ઘંટના આકારનો અર્ધચંન્દ્ર છે. એટલા માટે તેમને ચંદ્રઘંટા કહેવામાં આવે છે. નવરાત્રિના ત્રીજા દિવસે આ દેવીની પુજા અર્ચના કરવામાં આવે છે. આમની પુજા કરવાથી મણિપુર ચક્રની પ્રાપ્તિ થાય છે અને તેના દ્વારા મળતી સિધ્ધિઓ તેની જાતે જ મળી જાય છે તેમજ સાંસારિક કષ્ટોથી મુક્તિ મળી જાય છે. આદ્ય શક્તિ દુર્ગાનું ચોથું સ્વરૂપ એટલે શ્રીકૂષ્માંડા.પોતના ઉદરમાં થી બ્રહ્માંડને ઉત્પન્ન કરવાને કારણે તેમને કુષ્માંડા દેવી ના નામ થી ઓળખવામાં આવે છે. કુષ્માંડા દેવીના પુજનથી અનાહત ચક્ર જાગૃતિની સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. શ્રી કુષ્માંડાની રાખવાની છે. ઉપાસના કરવાથી બધા જ રોગો અને કષ્ટોનાશ પામે છે.આમની ભક્તિથી આયુષ્ય બળ અને આરોગ્યની વૃધ્ધીથાય છે.પાંચમા દિવસે દુર્ગા શ્રી સ્કંદ માતા આદ્ય શક્તિ દુર્ગાનું પાંચમુ રૂપ એટલે શ્રી સ્કંદમાતા છે. શ્રી સ્કંદ (કુમાર કાર્તિકેય)ની માતા હોવાને કારણે તેમને શ્રી સ્કંદમાતા કહેવામાં આવે છે. નવરાત્રિના પાંચમા દિવસે આમની પુજા- અર્ચના કરવામાં આવે છે. તેમની આરાધના કરવાથી વિશુધ્ધ ચક્રથી પ્રાપ્ત થનાર સિધ્ધિઓ મળે છે. તેમજ મૃત્યુ લોકમાં જ સાધકને પરમ શાંતિ અને સુખનો અનુભવ થાય છે.આને માટે મોક્ષનો દ્વાર તેની જાતે જ સુલભ થઈ જાય છે. છઠ્ઠા દિવસે દુર્ગા શ્રી કાત્યાયની આદ્ય શક્તિ દુર્ગાનું છઠ્ઠું સ્વરૂપ એટલે શ્રી કાત્યાયની. મહર્ષી કાત્યાયનીની તપસ્યાથી પ્રસન્ન થઈને આદ્ય શક્તિ એ તેમના ઘરે પુત્રી સ્વરૂપે જન્મ લીધો હતો. એટલા માટે તે શ્રી કાત્યાયની કહેવાય છે. નવરાત્રિના છઠ્ઠા દિવસે આનમી પુજા અર્ચના કરવામાં આવે છે. શ્રી કાત્યાયની ની ઉપાસના કરવા થી આજ્ઞા ચક્ર જાગૃત થવાથી સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. તે આ લોકમાં રહીને પણ અલૌકીક તેજ અને પ્રભાવ મેળવે છે. તેમજ તેના રોગ, ભય, સંતાપ, શોએક, નએ બધી જ વ્યથાઓનો નાશ થઈ જાય છે.સાતમા દિવસે દુર્ગા શ્રી કાલરાત્રિ આદ્ય શક્તિ શ્રી દુર્ગાનું સાતમું સ્વરૂપ એટલે શ્રી કાલ રાત્રિ છે. આ કાળનો નાશ કરનારી છે. એટલા માટે કાલરાત્રિ કહેવાય છે. નવરાત્રિના સાતામા દિવસે આમની પુજા અર્ચના કરવામાં આવે છે. આ દિવસે સાધકે પોતાનું ચિત્ત ભાનુ ચક્ર (કપાળની વચ્ચે) સ્થિર કરીને સાધના કરવી જોઈએ.શ્રી કાલ રાત્રિની સાધના કરવાથી સાધકને ભાનુ ચક્ર જાગૃત થવાથી તેની સિધ્ધિઓ તેની મેળે જ પ્રાપ્ત થઈ જાય છે.આઠમા દિવસે દુર્ગા શ્રી મહાગૌરી આદ્ય શક્તિ દુર્ગાનું આઠમું સ્વરૂપ એટલે શ્રી મહા ગૌરી. આમનો વર્ણ ગોરો છે એટલા માટે તેમને મહાગૌરી કહેવામાં આવે છે. નવરાત્રિના આઠમા દિવસે આમની પુજા કરવામાં આવે છે. આ દિવસે સાધકે પોતાનું ચિત્ત સોમચક્ર ઉર્ધ્વ લલાટ પર સ્થિર કરીને સાધના અરવી જોઈએ. શ્રી મહાગૌરીની આરાધના કરવાથી સોમચક્ર જાગૃત થવાથી તેની સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. આમની ઉપાસના કરવાથી અસંભવ કાર્ય પણ સંભવ બની જાય છે.

નવમા દિવસે દુર્ગા શ્રી સિદ્ધિદાત્રી આદિશક્તિ શ્રી દુર્ગાનું નવમું સ્વરૂપ એટલે શ્રી સિદ્ધિદાત્રીનું છે. આ બધા જ પ્રકારની સિધ્ધિઓની દાત્રી છે એટલા માટે તેને સિદ્ધિ દાત્રી કહેવામાં આવે છે. નવરાત્રિના નવમા દિવસે આમની પુજા અર્ચના કરવામાં આવે છે. આ દિવસે સાધકે પોતાનિ ચિત્ત નિર્વાણ ચક્ર એટલે કે મધ્ય કપાળ માં કરીને સાધના કરવાથી તેને બધા જ પ્રકારની સિધ્ધિની પ્રાપ્તિ થાય છે. સૃષ્ટીમાં કઈ પણ તેના માટે અગમ્ય નથી રહી જતું. વાંચકમિત્રો નવલા નોરતામાં આધ્ય શક્તિ ભવાનીની ઉપાસના આરાધના શરૂ કરી.

વાચક ચાહક મિત્રો આંજે બીજું નોરતું સોમવાર ઑક્ટોબર મહિના માં અડધા દિવસો પુરા થયા આપણે શકિત આરાધના ઉપાસના કરી રહ્યા છીએ. લોકો મા શક્તિની આરાધના ઉપાસના વિવિધ રીતે કરી તેમના આશીર્વાદ મેળવવા પ્રયત્ન કરે છે.માં શકિત જગત જનની ભક્તોની આશા પુરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ. નવમા દિવસે દુર્ગા શ્રી સિદ્ધિદાત્રી આદિશક્તિ શ્રી દુર્ગાનું નવમું સ્વરૂપ એટલે શ્રી સિદ્ધિદાત્રીનું છે. આ બધા જ પ્રકારની સિધ્ધિઓની દાત્રી છે એટલા માટે તેને સિદ્ધિ દાત્રી કહેવામાં આવે છે. નવરાત્રિના નવમા દિવસે આમની પુજા અર્ચના કરવામાં આવે છે. આ દિવસે સાધકે પોતાનિ ચિત્ત નિર્વાણ ચક્ર એટલે કે મધ્ય કપાળ માં કરીને સાધના કરવાથી તેને બધા જ પ્રકારની સિધ્ધિની પ્રાપ્તિ થાય છે. સૃષ્ટીમાં કઈ પણ તેના માટે અગમ્ય નથી રહી જતું. વાંચકમિત્રો નવલા નોરતામાં આધ્ય શક્તિ ભવાનીની ઉપાસના આરાધના શરૂ કરી. વાચક ચાહક મિત્રો આંજે બીજું નોરતું સોમવાર ઑક્ટોબર મહિના માં અડધા દિવસો પુરા થયા આપણે શકિત આરાધના ઉપાસના કરી રહ્યા છીએ. લોકો મા શક્તિની આરાધના ઉપાસના વિવિધ રીતે કરી તેમના આશીર્વાદ મેળવવા પ્રયત્ન કરે છે.માં શકિત જગત જનની ભક્તોની આશા પુરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ. યશપાલસિંહ ટી.વાઘેલા શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા

## એક્યૂપ્રેશર પોઇન્ટ્સ દરેક દુખાવાની સારવાર છે



માથાના દુખાવો, માઈગ્રેન, ગરદન અને પગમાં દુખાવા તો જાણે નોર્મલ વાત થઇ ગઇ છે. પરંતુ એના માટે તમે દરેક વખત ગોળી લઇ શકો નહીં. તમે આ સમસ્યાથી ઘરેલૂ નુસ્ખા દ્વારા છુટકારો મેળવી શકો છો. તો બીજી બાજુ એક્યૂપ્રેશર પોઇન્ટ્સ ટેકનીકથી એનાથી છુટકારો મળી શકે છે. લાઇફસ્ટાઇલ એટલી બદલાઇ ગઇ છે કે સ્વાસ્થ્યથી જોડાયેલી દરેક નાની મોટી પરેશાનીઓને શરીરથી ઘેરાયેલી રહે છે. માથાના દુખાવો, માઈગ્રેન, ગરદન અને પગમાં દુખાવા તો જાણે નોર્મલ વાત થઇ ગઇ છે. પરંતુ એના માટે તમે દરેક વખત ગોળી લઇ શકો નહીં. તમે આ સમસ્યાથી ઘરેલૂ નુસ્ખા દ્વારા છુટકારો મેળવી શકો છો. તો બીજી બાજુ એક્યૂપ્રેશર પોઇન્ટ્સ ટેકનીકથી એનાથી છુટકારો મળી શકે છે. શરીરમાં ઘણા એવા પ્રેશર પોઇન્ટ્સ છે જેનું કનેક્શન શરીરના બીજા ભાગથી થાય છે. હાથ પગના આ પોઇન્ટ્સને દબીને ઘણા રોગોની સારવાર કરી શકાય છે. સ્ટ્રેસથી રાહત મેળવવા માટે કાનની નીચે ગરદન અને ગરદનના હાડકાની વચ્ચે રહેલો પોઇન્ટ ૧ અથવા ૨ હળવા હાથથી મસાજ આપો. ૩ મીનિટ સુધી સતત હળવાશ મસાજ કરવાથી આ પોઇન્ટ્સ એક્ટિવ થઇ જાય છે અને તમારું બ્લડ પ્રેશર ધીરે ધીરે ઓછું થવા લાગે છે. તમે ઇચ્છો તો પોઇન્ટ્સ ૩ ને પણ એક મીનિટ દબાવી શકો છો. જે કાનના ઈયરબોલથી નાકની લાઇનમાં આવે છે. એનાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહેશે. જો તમને ખાવાનું ના પચતું હોય તો હથેળીથી લગભગ ૨ સેમી નીચે કાંડાની વચ્ચોવચ ભાગને ૨ થી ૩ મીનિટ દબાવો એનાથી તમારી કબજિયાત જેવી સમસ્યાઓ પણ રહેશે નહીં. પેટમાં તકલીફ માટે તમે હથેળીની વચ્ચોવચ ૨ થી ૩ મીનિટ પ્રેશર પણ આપી શકો છો. ઘણી વખત એડકી એવી શરૂ થાય છે કે બંધ થવાનું નામ જ નથી લેતી એવામાં હથેળીની વચ્ચે પ્રેશર આપો. હૃદય, ફેફસા અને શ્વાસ સંબંધી સમસ્યાથી દૂર રહેવા માટે અંગૂઠાની નીચે વાળી જગ્યાને હળવા હાથથી દબાવો. જો તમને ગળામાં સહન ના થાય એવો દુખાવો અથવા અક્કડ રહે છે તો ઈન્ડેક્સ ફિંગર

## પાર્ટનર સાથે ક્યારેય શેર ના કરો આ ૪ સિક્રેટ, નહીં તો પસ્તાવાનો વારો આવશે

દરેક લોકોની લાઇફમાં પાર્ટનરનું ખૂબ મહત્વ રહેલું હોય છે. પરંતુ ક્યારેય તમે કરેલી નાની ભૂલ તમને મોટી મુશ્કેલીમાં મુકી શકે છે. ખાસ કરીને તમે જ્યારે પાર્ટનર સાથે તમારા ભૂતકાળની વાત કરો છો તો અનેક સમસ્યાઓ થઇ શકે છે. મજબૂત સંબંધો માટે વિશ્વાસ, પ્રેમ અને એકબીજાની ઇજ્જત રાખવી ખૂબ જરૂરી છે. આ તમામ ક્વોલિટી તમે મેન્ટેન કરતા નથી તો અનેક ઘણી સમસ્યાઓ થવા લાગે છે. પરંતુ ક્યારેક સંબંધોમાં તિરાડ પડવા લાગે છે. આ પાછળ એક નહીં, પરંતુ અનેક કારણો જવાબદાર હોય છે. કેટલીક બાબતો એવી હોય છે જેનું તમે ધ્યાન રાખતા નથી સંબંધોમાં તિરાડ પડી શકે છે. આ માટે ઘણાં લોકોની વાત તો છેક ડાઈવોર્સ સુધી પહોંચી જાય છે.

આમ, તમને એક વાત જણાવી દઈએ કે કેટલીક વાતો એવી હોય છે જે પાર્ટનર સાથે ક્યારેય પણ શેર કરવી જોઇએ નહીં. તો જાણો આ વિશે તમે પણ પોસ્ટ રિલેશનશિપની વાત ના કરોઃ તમારા લગ્ન થઇ ગયા છે અને તમારે ભૂતકાળમાં કોઈની સાથે અફેર હતુ તો એ વાતને ક્યારેય કોઈની સાથે શેર કરશો નહીં. પતિએ પત્નીને અને પત્નીએ પતિને પોતના પાસ્ટ વિશે વાત કરવી જોઇએ નહીં. આ પાસ્ટ તમને અનેક સમસ્યામાં મુકી શકે છે. હેલ્ધી રિલેશનશિપ માટે જરૂરી છે કે એકબીજા પર ભરોસો રાખવો અને વિશ્વાસ જાળવી રાખવો. પરિવારની ટિપ્પણી કરશો નહીં.



તમારા પાર્ટનર સાથે પરિવારના લોકોની ક્યારેય ટિપ્પણી કરશો નહીં. આ સાથે મજાક ઉડાવશો નહીં. તમે તમારા પાર્ટનર સાથે તમારા સાસુ-સસરાની મજાક તેમજ બીજી કોઈ ખરાબ વાત કરો છો પાર્ટનરને સહન થતુ નથી. આ કારણે ઝઘડો થઈ જાય છે. આ માટે હંમેશા વખાણ કરવાની આદત પાડો. પાર્ટનર વિશે ખરાબ બોલશો નહીંઃ હંમેશા એક વાતનું ધ્યાન રાખો કે તમારા પાર્ટરનું તમે ખરાબ બીજાની આગળ તેમજ એમની સામે બોલશો નહીં.

ખરાબ બોલવાથી સંબંધોમાં તિરાડ પડે છે. આ માટે હંમેશા નાની-નાની વાતમાં વખાણ કરવાની આદત પાડો. એક્સના વખાણ ક્યારેય કરશો નહીંઃ હંમેશા લાઇફ પાર્ટનરની સામે બોયફ્રેન્ડ, એક્સ ગર્લફ્રેન્ડની વાતોના વખાણ કરશો નહીં. વખાણ કરવાથી તમારું બ્રેકઅપ થઇ શકે છે. આ બ્રેકઅપ તમને અનેક મુશ્કેલીમાં મુકી શકે છે. વિવાહિત જીવન ખૂબ જ સમજદારીથી ચાલે છે. તેને આનંદદાયક બનાવવા માટે, પતિ -પત્નીએ એકબીજાનું સન્માન કરવું ખૂબ જ જરૂરી છે. તેથી તમારા પાર્ટનરને ક્યારેય મજાકમાં પણ કેટલીક વાતો ન કહો, જેનાથી તેના સન્માનને ઠેસ પહોંચે. પતિ-પત્નીનો સંબંધ ખૂબ જ સંવેદનશીલ હોય છે. આ સંબંધ પ્રેમ અને વિશ્વાસના પાયા પર આધારિત છે. આમાં બંને માટે એકબીજાનું સન્માન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે, તો જ તમારું લગ્ન જીવન સુખદ બની શકે છે. આ સ્થિતિમાં પતિ કે પત્નીમાંથી કોઈએ પણ તેમના જીવનસાથી (ન્કીં દ્વહિીી)ને એવું કંઈ ન કહેવું જોઈએ જે તેને નુકસાન પહોંચાડે. ઘણી વખત લોકો મજાકમાં કહે છે કે, મારા વગર તારું શું થશે. તેના દ્વારા તેઓ પોતાનું મહત્વ વધારે બતાવે છે. પરંતુ ધ્યાનમાં રાખો કે, વિવાહિત જીવનમાં બંનેની ભાગીદારી સમાન છે. તેમાં વધુ કે ઓછું નથી. તો મજાકમાં પણ આવી વસ્તુઓ તમારી વચ્ચે ન આવવા દો. દુનિયામાં કોઈ સંપૂર્ણ નથી.

## થોડાક જ દિવસમાં ઘટશે વજન, ફોલો કરો આ ટિપ્સ



બધાને એ જાણવામાં રસ હોય છે કે ઓછી મહેનતે અને ઓછા સમયમાં વજન કેવી રીતે ઘટાડી શકાય. આવામાં એક વાત યાદ રાખવી જોઈએ કે વેટ લૉસની ટિપ્સ ત્યારે જ કામમાં આવે છે જ્યારે એને યોગ્ય રીતે કરવામાં આવે. ઘણાં લોકો વેટ લૉસની એક્સસાઈઝ અને ટિપ્સ ફોલો કરવાનુ શરૂ કરે છે અને પરિણામ ઝડપથી ના દેખાતા એને વચમાં જ છોડી દે છે. ખરેખર તો કામ તમારે મનોયોગથી કરવું પડે તો જ પરિણામ આપે. જો તમારા શરીરમાં મેટાબોલિઝમનું પ્રમાણ યોગ્ય હશે તો તમારું વજન નહીં વધે. ગ્રીન ટી પ ીવાથી, પૂરતી ઉંઘ લેવાથી અને ભરપુર પાણી પીવાથી શરીરમાં ચરબીનું પ્રમાણ ઘટશે અને શરીરનો આકાર કુદરતી રીતે જ સરખો થવા લાગે છે. રોજિંદા ખોરાકમાં તમે ફાઈબર ફૂડનું પ્રમાણ વધારશો એટલે ઓટોમેટિક તમારો મેટાબોલિઝમ રેટ પણ સરખો થઈ જશે અને તમારા વજનને ઘટાડવામાં મદદરૂપ બનશે, વધારે પ્રોટીન લેવાથી શરીરનું મેટોબોલિઝમ બુસ્ટ થાય છે અને ભૂખ ઓછી લાગે છે. સાથે જ તે વજનને કંટ્રોલ કરતાં ઘણાં હાર્મોન્સમાં પણ ચેન્જ લાવે છે. જાણકારોનું કહેવું છે કે પ્રોટીનનું યોગ્ય સેવન શરીરના મેટાબોલિઝમ રેટને ૨૦થી ૩૦ ટકા વધારે છે. આજે અમે તમને વજન ઘટાડવાની ટિપ્સ જણાવીશું જેનાથી તમારું વજન ઝડપથી ઘટશે. આ ત્રણેય ટિપ્સ તમારા ડાયેટ પ્લાન સાથે જોડાયેલી છે. સંતુલિત ખોરાકમાં પ્રોટીન હોવું બહુ જરૂરી છે. પ્રોટીન એકમાત્ર એવું પોષક તત્વ છે જેનાથી તમે વજન ઘટાડી પણ શકો અને વધારી પણ શકો છો. તમે પ્રોટીનનું સેવન કરો એટલે ભૂખ જલદી નથી લાગતી.

## દવાનો નહી, દબાણનો જાદું, જે ગણતરીની મિનિટોમાં આપે છે દર્દથી રાહત

આપણા શરીરના મુખ્ય અવયવોના દબાણ કેન્દ્રો એટલે કે દબાણ બિંદુઓ પગના તળિયા અને હથેળીઓમાં સ્થિત છે. પ્રેશર પોઈન્ટથી પ્રભાવિત શરીરના ભાગ પર મેગ્નેટ થેરાપી દ્વારા, વ્યક્તિ તેનાથી સંબંધિત રોગમાંથી રાહત મેળવી શકે છે. એક્યુપ્રેશર એ તમામ રોગોની સારવાર માટેની પ્રાચીન પદ્ધતિ છે. જેમાં શરીરના અલગ-અલગ અંગોના મહત્વના પોઈન્ટ પર દબાણ નાખીને રોગોને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. વાસ્તવમાં, આપણા શરીરના મુખ્ય અંગોના દબાણ કેન્દ્રો એટલે કે દબાણ બિંદુઓ પગના તળિયા અને હથેળીઓમાં સ્થિત છે.



પ્રેશર પોઈન્ટથી પ્રભાવિત શરીરના ભાગ પર મેગ્નેટ થેરાપી દ્વારા, વ્યક્તિ તેનાથી સંબંધિત રોગમાંથી રાહત મેળવી શકે છે. શરીરમાં ઊર્જાના અસંતુલનને કારણે વિવિધ રોગો ઉત્પન્ન થાય છે. વિવિધ કદના ચુંબક વિવિધ અવયવો પર હાજર ઉર્જા માર્ગો પર સ્થિત બિંદુઓ પર



થોડા સમય માટે ટેપ સાથે અટકી જાય છે. આ ચુંબકીય અસરને કારણે આ બિંદુઓ જાગૃત થાય છે જેના કારણે ઉર્જાનું સંક્રમણ સરળ બને છે અને રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે.આ ઉર્જા બિંદુઓ પર વારંવાર ચુંબક લગાવવાથી સમસ્યા મૂળમાંથી દૂર થઈ જાય છે.



એક્યુપ્રેશર નિષ્ણાત ધરમપાલ ઈસરાનીએ જણાવ્યું કે, આ પ્રેશરનો જાદુ છે, દવા નહીં, પરંતુ એક્યુપ્રેશર પોઈન્ટ મિનિટોમાં દર્દમાં રાહત આપે છે. એક્યુપ્રેશર થેરાપી પદ્ધતિમાં, દરેક રોગની સારવાર કોઈ પણ પ્રકારની દવાથી નહીં પરંતુ શરીરના વિવિધ ભાગોના અમુક બિંદુઓ પર દબાણ લાવીને કરવામાં આવે છે. આજની વ્યસ્ત જીવનશૈલીમાં, અસંતુલિત ખાનપાન, સ્પર્ધાત્મક વાતાવરણ અને ઓફિસના કામના તણાવને કારણે શારીરિક અને માનસિક સમસ્યાઓના વધતા જતા કિસ્સાઓ વચ્ચે, પ્રાચીન ભારતની આ તબીબી પદ્ધતિ વધુને વધુ લોકપ્રિય બની રહી છે. શરીરમાં ઊર્જાના અસંતુલનને કારણે વિવિધ રોગો ઉત્પન્ન થાય છે. મેગ્નેટ થેરાપીમાં, વિવિધ અવયવો પર હાજર ઉર્જા માર્ગો પર સ્થિત બિંદુઓ પર વિવિધ કદના ચુંબકને ટેપ સાથે અમુક સમય માટે અટકી જાય છે.

BOLLYWOOD NEWS FLASH

## શહનાઝ ગિલે ૬ મહિનામાં ૧૨ કિલો વજન ઘટાડ્યું



। મુંબઈ, તા.૧૫ ।

શહનાઝ ગિલ, જે ઘણી વખત પોતાની બબલી સ્ટાઈલને કારણે ચર્ચામાં રહે છે, તે આજે ફિટનેસમાં તે દિગ્ગજ અભિનેત્રીઓને પાછળ છોડી દે છે. જોકે, શહનાઝ હંમેશા આવી દેખાતી ન હતી. એક સમય હતો જ્યારે તે ગોળમટોળ દેખાતી હતી. પરંતુ પછી તેણે સખત મહેનત કરી અને માત્ર ૬ મહિનામાં ૧૨ કિલો વજન ઘટાડ્યું. પોતાની ફિટનેસ વિશે શહનાઝ ગિલ કહે છે કે, તેણે વજન ઘટાડવાને પડકાર તરીકે લીધો હતો. તેણે કહ્યું કે, 'જ્યારે હું બિગ બોસના ઘરમાં હતી, ત્યારે મારી જાડી હોવાને કારણે ઘણી વખત મારી મજાક ઉડાવવામાં આવી હતી. પછી મેં પાતળા થઈને લોકોને બતાવવાનું વિચાર્યું.

## ડ્રેસમાં શનાયા કપૂરનો ગ્લેમરસ અંદાજ

। મુંબઈ, તા.૧૫ ।

બોલીવૂડ અભિનેતા સંજય કપૂરની દીકરી શનાયા કપૂરે ફેમસ સ્ટારકિડ્સમાંથી એક છે. જેની તસવીરો સોશિયલ મીડિયા પર વારંવાર વાયરલ થતી રહે છે. શનાયા કપૂર તેના ગ્લેમરસ અંદાજને લઈ ચર્ચામાં છે. શનાયાનો બોલ્ડ લૂક સામે આવ્યો છે. શનાયા કપૂરે ખૂબ જ શાનદાર ફોટોશૂટ કરાવ્યું છે. આ ફોટોશૂટની તસવીરો વાયરલ થઈ રહી છે. શનાયા કપૂરી આ લૂકમાં ખૂબ જ ગ્લેમરસ લાગી રહી છે. તેના લૂક ચાહકોને પસંદ આવ્યો છે. હાલમાં જ તેણે કેટલીક ગ્લેમરસ તસવીરો પોસ્ટ કરી છે. જેમાં તે ખૂબ જ ગ્લેમરસ લૂકમાં જોવા મળી રહી છે. શનાયા કપૂર અનન્યા પાંડે સાથે શાનદાર અંદાજમાં પોઝ આપતી જોવા મળી હતી. ચાહકો પણ શનાયા કપૂરની આ શાનદાર તસવીરોને પસંદ કરી રહ્યા છે. સંજય કપૂરની દીકરી શનાયા કપૂરે હાલમાં જ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લેટેસ્ટ તસવીરો શેર કરી છે.



## ઓસ્કરમાં જશે અક્ષય કુમારની ફિલ્મ "મિશન રાનીગંજ"

। મુંબઈ, તા.૧૫ ।

અક્ષય કુમારની ફિલ્મ 'મિશન રાનીગંજ' ૬ ઓક્ટોબરે સિનેમાઘરોમાં આવી હતી. એક સત્ય ઘટનાથી પ્રેરિત આ ફિલ્મને ક્રિટીક્સ તરફથી ઘણી પ્રશંસા મળી છે. જે લોકો ફિલ્મ જોઈને થિયેટરમાંથી બહાર આવ્યા તેઓ પણ તેના વખાણ કરવાથી પોતાને રોકી શક્યા નથી. જો કે, ICC ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૩ને કારણે ફિલ્મ બોક્સ ઓફિસ પર ખૂબ જ ધીમી ગતિએ કમાણી કરી રહી છે. હાલમાં જ અક્ષય કુમારની 'મિશન રાનીગંજ'ને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. 'મિશન રાનીગંજ'ના નિર્માતા અક્ષય કુમારની ફિલ્મને વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ ઓસ્કારમાં લઈ જઈ રહ્યા છે. મિશન રાનીગંજ'ની સ્ટોરી લાખો લોકોને પ્રેરણા આપે છે. અક્ષય કુમારે પોતાની ફિલ્મ દ્વારા દર્શકોને આ સાચા હીરોની કહાની બતાવી કે કેવી રીતે જસવંત સિંહ ગીલે 'રાનીગંજ' કોલસાની ખાણમાંથી ૬૫ મજૂરોને બચાવ્યા હતા. હવે સામે આવેલી માહિતી અનુસાર, આ ફિલ્મના મેકર્સ 'મિશન રાનીગંજ'ને ઓસ્કાર એકેડમીમાં સબમિટ કરશે. આરઆરઆરના નિર્માતાઓની જેમ, તેણે મિશન રાનીગંજને ઓસ્કાર એવોર્ડ્સ માટે સ્વતંત્ર રીતે સબમિટ કરવાનું નક્કી કર્યું છે. તમને જણાવી દઈએ કે, ઓસ્કાર એવોર્ડ માટે દેશની સત્તાવાર એન્ટ્રી મલયાલમ ફિલ્મ ૨૦૧૮ છે, જેની જાહેરાત થોડા દિવસો પહેલા કરવામાં આવી હતી. આ ફિલ્મની વાર્તા કેરળમાં આવેલા પૂર પર આધારિત છે. ઓસ્કારમાં ૨૦૧૮ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં સ્પર્ધા કરશે. ૨૦૨૨ માં જીજી રાજામૌલીએ તેમની ફિલ્મ ઈઈઈ માટે ઓસ્કાર જીત્યો, જેણે શ્રેષ્ઠ ગીતની શ્રેણીમાં જીત મેળવી. ફિલ્મના નાટુ નાટુ ગીતે ઓસ્કાર જીત્યો હતો. ગુજરાતી ફિલ્મ છેલ્સો શોને સત્તાવાર એન્ટ્રી તરીકે મોકલવામાં આવી હતી, જે આંતરરાષ્ટ્રીય ફીચર ફિલ્મ કેટેગરીમાં ઓસ્કારની શોર્ટ ફિલ્મ યાદીમાં સામેલ હતી. દર વર્ષે ચાહકો ઓસ્કાર એવોર્ડની આતુરતાથી રાહ જોતા હોય છે. આવતા વર્ષે, ૧૦ માર્ચ, ૨૦૨૪ ના રોજ લોસ એન્જલસમાં ૯૬માં એકેડમી એવોર્ડ્સ યોજાશે.



## હોટ અંદાજમાં જોવા મળી અલાયા એફ

। મુંબઈ, તા.૧૫ ।

તેના માતા-પિતાની જેમ આરાધ્યા પણ દાદા અમિતાભ બચ્ચન અને દાદી જયા બચ્ચનની પ્રિયતમ છે. માતા ઐશ્વર્યા રાય બચ્ચન સાથે બહાર જવા ઉપરાંત, આરાધ્યા ખંતથી અભ્યાસ કરે છે અને અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં પણ ભાગ લે છે. સમય સમય પર, ઐશ્વર્યા અને અભિષેક તેમની પુત્રીની સિદ્ધિઓની ઝલક ચાહકો સાથે શેર કરે છે. આરાધ્યા બચ્ચન ખૂબ આશાસ્પદ છે. અન્ય બોલિવૂડ સ્ટારકિડ્સની જેમ દેશની સૌથી મોંઘી અને લોકપ્રિય સ્કૂલમાં અભ્યાસ કરે છે.



## ઋતિક રોશનની ગર્લફ્રેન્ડ સબા આઝાદ રેમ્પ વોક વખતે ડાન્સ કરતી જોવા મળી રહી હતી



। મુંબઈ, તા.૧૫ ।

બૉલિવુડ એક્ટર ઋતિક રોશનની ગર્લફ્રેન્ડ સબા આઝાદ હાલમાં પોતાની પ્રોફેશનલ લાઈફને લઈને ચર્ચામાં છે. હાલમાં જ તેની સીરિઝ 'હૂ ઈઝ યોર ગાયનેક' રિલીઝ થઈ હતી. હવે સબા આઝાદનો એક નવો વીડિયો સામે આવ્યો છે જેમાં તે રેમ્પ વૉક પર ડાન્સ કરતી જોવા મળી રહી છે. હાલમાં જ સબા આઝાદે દિલ્હીમાં એક ફેશન શો દરમિયાન રેમ્પ વૉક કર્યું હતું. આ ઈવેન્ટમાં સબા આઝાદ ઉપરાંત કરિશ્મા કપૂર, કલ્કી કેકલાં સહિત ઘણા સ્ટાર્સે ભાગ લીધો હતો. પરંતુ સબાએ સૌથી વધુ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. વાસ્તવમાં, સબાએ રેમ્પ વૉક દરમિયાન ડાન્સ મૂવ્સ કર્યા હતા જે કેટલાક લોકોને પસંદ આવ્યા હતા જ્યારે કેટલાક લોકોએ તેને જોરદાર ટ્રોલ કરી હતી. સબા આઝાદ તેના ડાન્સને કારણે સોશિયલ મીડિયા પર ખૂબ ટ્રોલ થઈ રહી છે. લોકો તેના ડાન્સ મૂવ્સની મજાક ઉડાવી રહ્યા છે. એક યુઝરે કોમેન્ટ કરીને લખ્યું, 'એવું લાગે છે કે તે ડ્રગ્સ લઈને આવી છે'. એકે લખ્યું, 'બીજી રાનુ મંડલ તૈયાર થઈ ગઈ છે.' અન્ય એક યુઝરે લખ્યું, 'આ આન્ટીને સ્ટ્રોક આવ્યો હોય તેવું લાગે છે.' લોકો આવી કમેન્ટ કરીને સબા આઝાદને ટ્રોલ કરી રહ્યા છે.



### અગ્રવાલ સેવાસંઘ, અગ્રવાલ મહિલા મંડળ, અગ્રવાલ યુથ ક્લબ દ્વારા સમારોહનું સુંદર આયોજન કરાયું

# ઝાલોદ નગરમાં મહારાજા અગ્રસેનની ૫૧૪૭મી જન્મ જયંતિ નિમિત્તે પંચદિવસીય ઉત્સવ ઉજવાયો

| પંકજ પંડિત ઝાલોદ, તા.૧૫ |

અગ્રવાલ સમાજ જેનાં નામથી ઓળખાય છે એવા અગ્રસેન મહારાજ એક પ્રસિદ્ધ સૂર્યવંશી દાનવીર યુગ પ્રવર્તક રાજા હતા. મહારાજા અગ્રસેન ભેદભાવ કરવામાં માનતા ન હતા તેઓ સર્વ પ્રજાજનોને સમાન નજરથી જોતા હતા. મહારાજા અગ્રસેન મહારાજ દ્વારા અગ્રોહા રાજ્યમાં આવતા કોઈ પણ નવા પરિવારને રહેવા અને વ્યાપાર કરવામાં સરળતા રહે તે ઉદ્દેશથી એક રૂપિયો એક ઈંટનું સૂત્ર આપ્યું હતું જેથી અગ્રોહામા રહેનાર પ્રત્યેક વ્યક્તિ નવાં આવીને વસનાર વ્યક્તિને મદદ કરતા હતા. જેથી તે વ્યક્તિ ઈંટનો ઉપયોગ ઘર બનાવવા અને રૂપિયાનો ઉપયોગ વ્યાપાર કરવા કરી રોજગાર કરી ગુજરાન ચલાવી શકતો. મહારાજા અગ્રસેનના ભાઈચારાના ઉદ્દેશ ભારત વર્ષમાં પ્રચલિત હતો.




મહારાજા અગ્રસેનની ૫૧૪૭ જન્મ જયંતિ નિમિત્તે નગરના અગ્રવાલ સમાજ દ્વારા પંચદિવસીય પ્રોગ્રામોનું આયોજન કર્યું હતું. તારીખ ૧૧-૧૦-૨૦૨૩ થી ૧૫-૧૦-૨૦૨૩ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં ક્રિકેટ, બેડમિન્ટન, ખો ખો, સતોડીયો,કેરમ, રેસ, રસ્સી ખેંચ, બોરી કૂદ ,લીંબુ ચમ્મચ ,મ્યૂઝિકલ ચેર, વેશભૂષા, ડાન્સ, ગરબા,એક મિનિટ ,સામાજિક ડીબેટ જેવા રંગારંગ કાર્યક્રમો રાખેલ હતા. આવા ઘણા બધા કાર્યક્રમ સમાજની મહિલાઓ માટે પણ રાખવામાં આવેલ હતા. દરેક પ્રોગ્રામોમાં સમાજના બાળકો, વડીલો, મહિલાઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મહારાજા અગ્રસેન મહારાજની શોભાયાત્રા સાંજે ૫ વાગે ગીતા મંદિરથી નીકળી નગરના વિવિધ માર્ગો પર નીકળી હતી. અગ્રવાલ સમાજની મહિલાઓ પીળી સાડીમાં અને પુરુષો ઝભ્ભા પજામાના પારંપારિક ભારતીય તેમજ રાજસ્થાની પહેરવેશના જોવા મળતા હતા. શોભાયાત્રા નગરમાં મહારાજા અગ્રસેનના જય જય કાર સાથે નીકળી હતી. મારવાડી સમાજના પહેરવેશે નગરમાં સમાજની એકતા દર્શાવતી હતી.

# નર્મદા કેનાલમાંથી મળી આવી આધેડની લાશ, મોતનું કારણ અકબંધ

| સુરેન્દ્રનગર, તા.૧૫ |

સુરેન્દ્રનગરઃ દુધરેજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આધેડની લાશ મળી આવી છે. આસપાસના લોકોએ કેનાલમાં લાશ તરતી જોતા સુરેન્દ્રનગર પાલિકાની ફાયર ફાયટર ટીમને જાણ કરી હતી. પાલિકાની ફાયર ફાયટર ટીમે ઘટના સ્થળે પહોંચી મૃતકની લાશને બહાર કાઢી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક આધેડ વઢવાણ ૮૦ ફૂટ રોડ પર રહેતા ધનજીભાઈ ગમારા હોવાનું બહાર આવ્યું છે. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર થોડા દિવસો પહેલા ઘરેથી ચાલ્યા ગયા બાદ આજે કેનાલમાંથી તેમની લાશ મળી આવી છે. અગમ્ય કારણોસર કેનાલમાં ઝંપલાવ્યું હોવાની ચર્ચાઓ છે. જો કે, તેઓ ઘરેથી શા માટે નિકળ્યા હતા તે અંગે કોઈ માહિતી સામે આવી નથી.

# ડીસામાં સેન્ટ્રલ ફૂડ વિભાગના દરોડા, શંકાસ્પદ એસેન્સનો જથ્થો સીઝ કરાયો

### કેન્દ્રીય ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી

| બનાસકાંઠા, તા.૧૫ |

તહેવારોની શરુઆત થઈ રહ્યા છે, ત્યાં જ કેન્દ્રીય ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી કરવામાં આવી છે. તહેવારોમાં લોકોને આરોગ્યપ્રદ અને શુદ્ધ મીઠાઈ અને ફરસાણ મળી રહે એ માટે સતર્ક તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવતી હોય છે. આવી જ રીતે કેન્દ્રીય ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા બનાસકાંઠામાં કાર્યવાહી કરવામાં આવી હતી. કેન્દ્રીય ટીમે ડીસાના રિસાલા બજારમાથી શંકાસ્પદ એસન્સનો જથ્થો ઝડપી પડ્યો છે.તહેવારોની શરુઆત થઈ રહ્યા છે, ત્યાં જ કેન્દ્રીય ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી કરવામાં આવી છે. તહેવારોમાં લોકોને આરોગ્યપ્રદ અને શુદ્ધ મીઠાઈ અને ફરસાણ મળી રહે એ માટે સતર્ક તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવતી હોય છે. આવી જ રીતે કેન્દ્રીય ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા બનાસકાંઠામાં કાર્યવાહી કરવામાં આવી હતી. કેન્દ્રીય ટીમે ડીસાના રિસાલા બજારમાથી શંકાસ્પદ એસન્સનો જથ્થો ઝડપી પડ્યો છે.ગત મોડી રાત્રે આ કાર્યવાહી કરી હતી. જેમાં શંકાસ્પદ એસેન્સનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. તેમજ દુકાનને પણ સીલ કરવામાં આવ્યો છે. નિલેશ ચોખાવાલાની દુકાનમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. ટીમ દ્વારા બિનહિસાબી જથ્થો પણ સિઝ કરવાની કાર્યવાહી કરવામાં આવ્યો છે. એસેન્સના નમૂના લઈને તેને એફએસએલમાં મોકલવામાં આવ્યા છે. સેમ્પલ નિષ્ફળ જવાની સ્થિતિમાં કાર્યવાહી કરવામાં આવી શકે છે. તહેવારોમાં લોકોને આરોગ્યપ્રદ અને શુદ્ધ મીઠાઈ અને ફરસાણ મળી રહે એ માટે સતર્ક તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવતી હોય છે. આવી જ રીતે કેન્દ્રીય ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા બનાસકાંઠામાં કાર્યવાહી કરવામાં આવી હતી. કેન્દ્રીય ટીમે ડીસાના રિસાલા બજારમાથી શંકાસ્પદ એસન્સનો જથ્થો ઝડપી પડ્યો છે.ગત મોડી રાત્રે આ કાર્યવાહી કરી હતી. જેમાં શંકાસ્પદ એસેન્સનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. તેમજ દુકાનને પણ સીલ કરવામાં આવ્યો છે. નિલેશ ચોખાવાલાની દુકાનમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. ટીમ દ્વારા બિનહિસાબી જથ્થો પણ સિઝ કરવાની કાર્યવાહી કરવામાં આવ્યો છે. એસેન્સના નમૂના લઈને તેને એફએસએલમાં મોકલવામાં આવ્યા છે. સેમ્પલ નિષ્ફળ જવાની સ્થિતિમાં કાર્યવાહી કરવામાં આવી શકે છે. તહેવારોમાં લોકોને આરોગ્યપ્રદ અને શુદ્ધ મીઠાઈ અને ફરસાણ મળી રહે એ માટે સતર્ક તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવતી હોય છે. આવી જ રીતે કેન્દ્રીય ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા બનાસકાંઠામાં કાર્યવાહી કરવામાં આવી હતી. કેન્દ્રીય ટીમે ડીસાના રિસાલા બજારમાથી શંકાસ્પદ એસન્સનો જથ્થો ઝડપી પાડ્યો છે.ગત મોડી રાત્રે આ કાર્યવાહી કરી હતી. જેમાં શંકાસ્પદ એસેન્સનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. તેમજ દુકાનને પણ સીલ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગર કોડીનાર રૂટની એસટી બસ અને છકડો રિક્ષા વચ્ચે ગોજારો અકસ્માત ચલાલા ખાંભા રોડ પર એસટી બસ અને રિક્ષાનો અકસ્માત સર્જાયો

| અમદાવાદ, તા.૧૫ |

પોલીસ દ્વારા આ મુદ્દે વધુ તપાસ હાથ ધરાઈ છે. મૃતકના નામ મુકેશભાઈ સવજીભાઈ તથા સિકંદરભાઈ (ધારગણી) હોવાનું સામે આવ્યું છે. અમરેલીમાં આજે ચલાલા-ખાંભા રોડ પર એસટી બસ અને છકડો રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બે લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. ધારગણીથી વાવડી પાસે એસટી બસએ છકડો રિક્ષાને ટક્કર મારી હતી. ગાંધીનગર કોડીનાર રૂટની એસટી બસ અને છકડો રિક્ષા વચ્ચે ગોજારો અકસ્માત સર્જાયો હતો. જેમાં છકડો રિક્ષામાં સવાર ૪ માંથી બે લોકોના ઘટના સ્થળે મોત થયા છે.

એકને સામાન્ય અને બીજાને ગંભીર ઈજા થઈ હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્તને ભાવનગર વધુ સારવાર અર્થે ખસેડાયા હતા. મૃતદેહ ચલાલા સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે લવાયા હતા. પોલીસ દ્વારા આ મુદ્દે વધુ તપાસ હાથ ધરાઈ છે. મૃતકના નામ મુકેશભાઈ સવજીભાઈ તથા સિકંદરભાઈ (ધારગણી) હોવાનું સામે આવ્યું છે. એકને સામાન્ય અને બીજાને ગંભીર ઈજા થઈ હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્તને ભાવનગર વધુ સારવાર અર્થે ખસેડાયા હતા. મૃતદેહ ચલાલા સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે લવાયા હતા.

પોલીસ દ્વારા આ મુદ્દે વધુ તપાસ હાથ ધરાઈ છે. મૃતકના નામ મુકેશભાઈ સવજીભાઈ તથા સિકંદરભાઈ (ધારગણી) હોવાનું સામે આવ્યું છે. એકને સામાન્ય અને બીજાને ગંભીર ઈજા થઈ હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્તને ભાવનગર વધુ સારવાર અર્થે ખસેડાયા હતા. મૃતદેહ ચલાલા સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે લવાયા હતા. પોલીસ દ્વારા આ મુદ્દે વધુ તપાસ હાથ ધરાઈ છે. મૃતકના નામ મુકેશભાઈ સવજીભાઈ તથા સિકંદરભાઈ (ધારગણી) હોવાનું સામે આવ્યું છે.

### હિંમતનગરમાં વાંદરાએ અધિકારીઓને હંફાવ્યા

# હિંમતનગર તાલુકાના ચાંપલાનાર ગામે વાંદરાએ કાળો કેર વર્તાવ્યો

| સાબરકાંઠા, તા.૧૫ |

હિંમતનગર તાલુકાના ચાંપલાનાર ગામે વાંદરાએ કાળો કેર વર્તાવ્યો છે, જેના કારણે લોકો ઘરમાં જ બેસી રહ્યા છે. છેલ્લા ચાર દિવસથી વિફરેલા વાંદરાએ લોકોને ઝપટમાં લેવાનું શરૂ કર્યું છે. જેમાં ચારથી પાંચ મહિલાઓ તો ચારથી પાંચ પુરુષો પણ આ વાંદરાનો ભોગ બન્યા છે. ગામના એક મહિલાના પગે વાંદરાએ બચકું ભરતા મહિલાને ૧૩ ટાંકા લેવા પડ્યા છે. જેને લઈને હવે ગામ લોકો બહાર નીકળતા પણ ગભરાઈ રહ્યા છે તો લોકો ઘરમાં જ બેસી રહે છે અને બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. તો બીજી તરફ વાત કરીએ તો ત્રણ દિવસથી વાંદરાના ત્રાસના સમાચાર મળતા ફોરેસ્ટ વિભાગના કર્મચારી અને અધિકારીઓએ ગામમાં ધામા નાંખ્યા છે અને વાંદરાને પકડવાના પૂરતા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો કે, આ વાંદરાએ ફોરેસ્ટ વિભાગના અધિકારીઓને પણ હંફાવી દીધા છે. અધિકારીઓ વાંદરાને પકડવા માટે ગામમાં ઠેર ઠેર દોડતા કરી દીધા છે, છતાં પણ વાનર વન વિભાગના કર્મચારીઓને હાથ લાગ્યો નથી. તેના કારણે લોકો ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે. બાળકોને હાથ પકડીને મૂકવા જવાની પણ પરિસ્થિતિ ઉભી થઈ છે. ચાંપલાનાર ગામમાં હાલમાં બાળકોને શાળા મૂકવા જવા માટે વાલીઓ દંડા લઈને સ્કૂલ તરફ જઈ રહ્યા છે. ત્યારે કોઈપણ સંજોગે હવે આ વાંદરો પાંજરે પૂરાય તો જ લોકોનો ડર ઓછો થાય એમ છે.

# પાટણ શહેરની એક હોટલના શાકાહારી ભોજનમાં વંદો નિકળ્યો

| પાટણ, તા.૧૫ |

પાટણ શહેરમાં આવેલી ખાનગી હોટલ ધ ગ્રાન્ડ પિયાનોમાં જમવા બેઠેલ એક મહિલાના ભોજનમાંથી વંદો નિંકળ્યો હતો. મહિલાની ડિશમાંથી ભોજનમાં વંદો જોવા મળતા જ સ્વાભાવિક છે, મહિલા અને તેમની સાથેના લોકોને પણ આ દ્રશ્ય જોઈ રોષ સાતમા આસમાને પહોંચ્યો હોય એ સ્વાભાવિક છે. મહિલાએ આખરે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને કાર્યવાહી કરવા માટે જાણ કરી હતી. હોટલના ભોજનના નમૂના લઈને ફુડ એન્ડ ડ્રગ વિભાગે પરીક્ષણ માટે મોકલી આપ્યા છે.આમ તો વંદાને જો કિચનમાં કે ઘરમાં કોઈ ખૂણામાં જોવામાં આવે તો પણ ઘરમાંથી મહિલાની ચીસાચીસ સાંભળવા જરુર મળે. વંદાની હાજરી માત્રથી ચીસાચીસ કરતી મહિલા કે પુરુષોને તમે જોયા પણ હશે, પરંતુ આ જ વંદો જો તમારી ભોજનની ડિશમાં જોવા મળી જાય તો. કલ્પનાથી જ તમને કંઈક કંપારી છૂટવા જેવો અહેસાસ થતો હશે, પરંતુ આવુ સાચે જ બન્યુ છે. પાટણ શહેરની એક હોટલના શાકાહારી ભોજનમાં વંદો નિકળ્યો હતો.

### મોરબી નગરપાલિકાના હાલ બેહાલ

# મોરબી નગરપાલિકાની સ્થિતિ ખાડે ગઈ, નાનાખર્ચાઓ માટે સ્વભંડોળ નથી

### પાલિકા દ્વારા કોઈ કામના ટેન્ડરો બહાર પાડવામાં આવે તો તે ટેન્ડરો ભરવા માટે પણ કોઈ કોન્ટ્રાકટર રસ દાખવતા નથી

| મોરબી, તા.૧૫ |

મોરબી નગરપાલિકાની સ્થિતિ ખાડે ગઈ હોય તેવો ઘાટ ઘડાયો છે. નાના ખર્ચાઓ ચૂકવવા માટે પણ પાલિકા પાસે હવે સ્વભંડોળ રહ્યું નથી. પાલિકાની છબી એટલી ખરડાઈ ગઈ છે કે પાલિકા દ્વારા કોઈ કામના ટેન્ડરો બહાર પાડવામાં આવે તો તે ટેન્ડરો ભરવા માટે પણ કોઈ કોન્ટ્રાકટર રસ દાખવતા નથી. મોટાભાગના લોકો જાણે છે કે પાલિકાની તિજોરી તળિયા ઝાટક થઈ ગઈ છે.

ચોમાસા દરમિયાન શહેરના મોટાભાગના રોડ રસ્તાઓ તૂટી ગયા છે, આ રોડ-રસ્તાને રીપેરીંગ કરવા માટેના કામ માટે મોરબી પાલિકાએ ટેન્ડર પ્રસિદ્ધ કર્યા છે છતાં પણ કોન્ટ્રાકટરો આ ટેન્ડર ભરવામાં રસ લઈ રહ્યા નથી. મોરબી માળીયાના ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા અને પાલિકાના વહીવટદાર અધિક કલેકટરે કોન્ટ્રાકટરોને ટેન્ડર ભરવાનું આહવાન કરવામાં આવ્યું છે. આ મામલે પાલિકાના વહીવટદાર એવા અધિક કલેકટર એન. કે. મુછારે એક વીડિયો સંદેશ દ્વારા મોરબીના લોકોને જણાવી રહ્યા છે કે, મચ્છુ નદીમાં બેઠો પુલ છે તેની આસપાસની સફાઈ હાથ ધરવામાં આવી છે. જૂની દીવાલ પરના બાવળો દૂર કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. ૫ નવા ટ્રેકટર અને સેનિટેશનના સાધનોની દ્વારા ડોર ટુ ડોર અને રેગ્યુલર કચરો છે તેના નિકાલના પ્રયત્નો કરવામાં થઈ રહ્યા છે. રૂ. ૫ લાખ રૂપિયાની નવી સ્ટ્રીટ લાઈટો અમે ગરબી મંડળો છે ત્યાં મુકવા જઈ રહ્યા છીએ. રૂપિયા ૧૦ કરોડના રોડ રિસરફેસિંગ અને રીનોવેશનના કામના ટેન્ડર ગત અઠવાડિયે જાહેર કર્યા છે.

દિવાળીએ કામ ચાલુ કરાવી દેવામાં આવશે. સારા કોન્ટ્રાકટરો આગળ આવી રસ લે જેથી કામો સારા અને વહેલા થઈ શકે. સાથે સાથે વધુમાં તેઓએ એવું પણ કહ્યું હતું કે ડે ટુ ડે ખર્ચાઓ જેવા કે ડીઝલ, સ્ટ્રીટલાઈટ બિલ, પાણી પુરવઠાની મોટરના બિલ, ભૂગર્ભના બિલ ભરવા માટે નાણાની જરૂરિયાત ઉભી થઈ છે. લોકો બાકીના વેરા ડીસેમ્બર સુધીમાં ભરી આપે જેથી પાલિકાનું કામ સરળ થઈ શકે છે.

ધારાસભ્ય કાંતિલાલ અમૃતીયાએ પણ વીડિયો સંદેશ મારફત જણાવ્યું હતું કે, કોન્ટ્રાકટરોને અપીલ છે કે તેઓ ટેન્ડર ભરે, સારું કામ કરો તમને કોઈ ડિસ્ટબન્સ થશે નહીં. દરેક ૧૫થી ૨૦ દિવસે બિલ આપી દેવાશે. આ કામ માટે પૈસાની કોઈ તકલીફ નથી.

આ તો ગ્રાન્ટના કામ છે. પૈસાની જરૂરિયાત છે તે સ્વ ભંડોળમાં છે. એકાદ મહિનામાં મોટાપાયે કામ શરૂ થશે. બધા કામ ગુણવત્તાવાળા થશે. છતાંય ક્યાંય કચાશ લાગે તો નગરપાલિકાને જાણ કરવા માટે પણ આહવાન કરવામાં આવ્યું છે.

# ગામડી ચાર રસ્તા પાસે આઇસર ટ્રકના ડ્રાઇવરે વૃદ્ધને ટક્કર મારતા મોત નિપજ્યુ

| અમદાવાદ, તા.૧૫ |

અમદાવાદના વટવા રિંગ રોડ ઉપર ગામડી ચાર રસ્તા પાસે વૃદ્ધ નોકરીથી સાયકલ લઈને ઘરે પરત જઈ રહ્યા હતા અને ગામડી ચાર રસ્તા પાસે રસ્તો ક્રોસ કરી રહ્યા હતા તે સમયે આઈસર ટ્રકના ડ્રાઈવરે વૃદ્ધને ટક્કર મારતા તેમનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યુ હતુ. આ બનાવ અંગે ટ્રાફિક જે ડિવિઝન પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોધીને તેની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.ગામડી ગામમાં ભાથીજી મંદિર પાસે ઈન્દીરાનગર વિભાગ-૧માં રહેતા અને ડ્રાઈવિંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા યુવકે ટ્રાફિક જે ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આઈસર ટ્રકના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે કે તેમના પિતા ગુરુવારે રાત્રીના સમયે અસલાલી ખાતે ખાનગી કંપનીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકેની નોકરી પૂરી કરીને સાયકલ લઈને ઘરે આવી રહ્યા હતા ત્યારે સાયકલ લઈને ગામડી ચાર રસ્તા પાસે રોડ ક્રોસ કરી રહ્યા હતા તે સમયે પુરઝડપે આવી રહેલ આઈસર ટ્રકે તેમને ટક્કર મારી હતી હતી. જેથી તેઓ જમીન પર પટકાતા લોહી લુહાણ બેભાન હાલતમાં તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતુ. આ ઘટના અંગે જે ડિવિઝન ટ્રાફિક પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી. તે સમયે પુરઝડપે આવી રહેલ આઈસર ટ્રકે તેમને ટક્કર મારી હતી હતી. જેથી તેઓ જમીન પર પટકાતા લોહી લુહાણ બેભાન હાલતમાં તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતુ. આ ઘટના અંગે જે ડિવિઝન ટ્રાફિક પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી.

# રાજકોટમાં ખરાબ રસ્તાના કારણે વધુ એક યુવાનનું અકસ્માતમાં મોત થયું

| રાજકોટ, તા.૧૫ |

રાજકોટ શહેરમાં ખરાબ રોડ રસ્તાને લઈને અનેક વખત ફરિયાદો ઉઠી ચૂકી છે. આ મામલે સ્થાનિકોએ ઘણીવાર રજુઆતો પણ કરી છે. પરંતુ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલા લેવામાં આવ્યા નથી. હવે હાઈવે પર ખાડાનાં કારણે વધુ એકનું મોત થયું છે. આજીડેમથી કોઠારીયા ચોકડી તરફ જવાના પુલ પર અકસ્માત સર્જાયો હતો.ખાડા અને હાઈવે પર રેતીના કારણે અકસ્માત સર્જાયો હતો. ખાડા અને રેતીના કારણે બાઈક પરથી કાબુ ગુમાવતા ચાલક નીચે પટકાયો હતો. જેના કારણે તેને ગંભીર ઈજા પહોંચી હતી. સાવન હેમંતભાઈ ખાતરાણી નામના યુવકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આશાસ્પદ યુવાન મૂળ લતીપર ગામનો વતની હતો. આમ રાજકોટનાં બિસ્માર રસ્તાને કારણે યુવાનને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. યુવકના મોતને પગલે સ્થાનિકોમાં તંત્ર સામે ભારે નારાજગી જોવા મળી રહી છે.ગ્રીન લેન્ડ ચોકડીથી ગોંડલ ચોકડી સુધીના હાઈવે પર ખાડા અને રેતીની ભરમાર છે. તેમજ બેડી ચોકડીથી અમદાવાદ તરફ જવાનો હાઈવે પણ બિસ્માર હાલતમાં છે. ખાડાનાં કારણે લોકોનાં જીવ જઈ રહ્યા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે. તે બીજ છે-આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે, તેના ગુસ્સા પર નારાજ થવા કરતા તેના શબ્દો ને સમજવું વધુ સારું રહેશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે. રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સફળતાભર્યો દિવસ કેમ કે લાંબા સમયથી જેની વાટ જોવાતી હતી.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો. તેમને ફરિયાદ કરવાની કોઈ તક ન આપો. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે.

### ન્યુઝ બોક્ષ

## ઈઝરાયેલી લશ્કરનો ગાઝામાં પ્રવેશ, આ તો શરૂઆત, હમાસનો સફાયો હવે નક્કી : નેતન્યાહૂ

। જેરૂસલેમ, તા.૧૫ ।

પેલેસ્ટાઈનનો હિસ્સો મનાતા ગાઝા પટ્ટીનું સંચાલન કરનારા આતંકી સંગઠન હમાસ દ્વારા ઈઝરાયલ પર હુમલો કરાયા બાદથી યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. તેમાં ઈઝરાયલમાં મોટાપાયે જાનહાનિ થયા બાદથી ઈઝરાયલે આતંકી સંગઠન હમાસનો ખાત્મો કરવાના સોગંદ લઈ લીધા છે ત્યારે હવે હવાઈ હુમલા બાદ ઈઝરાયલની આર્મી પણ ગાઝામાં પ્રવેશી ગઈ છે. બખ્તરિયા વાહનો અને ટેક્રો સાથે ઈઝરાયલી આર્મીને ગાઝામાં પ્રવેશતી જોઈ શકાય છે. ઈઝરાયલે પહેલાંથી જ ૧૧ લાખ ગાઝાવાસીઓને બીજા સુરક્ષિત સ્થાનોએ ખસી જવા ચેતવણી આપી દીધી છે, જેની સામે ખુદ યુએનએ ચિંતા વ્યક્ત કરતાં ઈઝરાયલને આ કાર્યવાહી રોકી દેવા અપીલ કરી હતી. બીજી બાજુ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે અમારા ભૂમિદળ અને ટેક્રોએ શુક્રવારે ગાઝાપટ્ટીમાં ઘૂસીને કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ તો ફક્ત શરૂઆત જ છે. અમે હમાસનો ખાત્મો કરીને જ રાહતના શ્વાસ લઈશું. જોકે ગાઝાના લોકોને સ્થળાંતરિત કરી જવાનું કહેવાયું હોવા છતાં લોકો હવે બીજે ક્યાંય જવા તૈયાર નથી અને તેઓ અંતિમ શ્વાસ સુધી ઈઝરાયલનો સામનો કરવા તૈયારી બતાવી રહ્યા છે.

## ઈંગ્લેન્ડની ૪૨ વર્ષની મહિલાએ પોતાની સાથે જ લગ્ન કર્યા

। લંડન, તા.૧૫ ।

યુનાઈટેડ કિંગડમની રહેવાસી ૪૨ વર્ષીય મહિલા સારા વિલ્કિંસને એક અનોખી મિસાલ રજૂ કરી છે. સારાએ પોતાના ડ્રીમ વેડિંગ માટે છેલ્લા ૨૦ વર્ષથી બચત કરી હતી, પરંતુ આખરે જ્યારે તેને પોતાનો પાર્ટનર ન મળ્યો તો તેણે પોતાના મનનું સાભળ્યુ અને એક ગ્રાન્ડ સેલિબ્રેશન કર્યું. આ સેલિબ્રેશનમાં દુલ્હન બનેલી સારાએ પોતાની સાથે જ લગ્ન કર્યા અને પોતાના આ ખાસ દિવસને ખુલ્લા મને એન્જોય કર્યો. રિપોર્ટ અનુસાર ફેલિક્સસ્ટોવે, સફોલ્કમાં હાર્વેસ્ટ હાઉસમાં પોતાના મિત્રો સાથે તેમણે આ ખાસ દિવસને સેલિબ્રેટ કર્યો. ક્રેડિટ કંટ્રોલર તરીકે કામ કરનાર સારા વિલ્કિંસને જણાવ્યુ કે આ મારા માટે એક વ્હાલો દિવસ હતો, જેમાં હું સેન્ટર ઓફ એટ્રેક્શનમાં હતી. તેમણે આગળ કહ્યુ, સમારોહ એક સત્તાવાર લગ્નનો નહોતો, પરંતુ મારા લગ્નનો હતો. મને લાગે છે કે તમે તે પોઈન્ટ પર પહોંચી ગયા છો જ્યાં તમે વિચારો છો, હોઈ શકે કે મારી પાસે એક સાથીનો સાથ ન હોય, પરંતુ મારે શા માટે ચૂકવુ જોઈએ? તે રૂપિયા મારા લગ્ન માટે બચાવીને રાખવામાં આવ્યા હતા અને તેનો ઉપયોગ તે વસ્તુ માટે કેમ ન કરવામાં આવે જે હું કરવા માંગુ છુ. સારાએ કહ્યુ કે તેમણે દર મહિને બચત કર્યા બાદ પોતાના લગ્નની સેરેમની માટે ૧૦,૦૦૦ પાઉન્ડ (૧૦,૧૧,૪૨૧ રૂપિયા) ખર્ચ કર્યા.

### ઇઝરાયલે ગાઝા પટ્ટી પર લશ્કરી કાર્યવાહી શરુ કરી

# ગાઝામાંથી ૨૪ કલાકમાં ૧૧ લાખ લોકોને કાઢવા શક્ય નથી : WHO

। જેરૂસલેમ, તા.૧૫ ।

ઈઝરાયલે ગાઝા પટ્ટી પર મોટા પાયે લશ્કરી કાર્યવાહી શરુ કરી છે. ઈઝરાયેલની સેના ટેંક સાથે ઉત્તરી ગાઝામાં ઘુસી ગઈ છે. ઈઝરાયેલી સેનાએ ઉત્તરી ગાઝામાં રહેતા નાગરિકો ૨૪ કલાકમાં સમગ્ર વિસ્તાર ખાલી કરવાની ચેતવણી આપી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા(ડબલ્યુએચઓ) ના વડાએ ઈઝરાયલની આ ચેતવણી અંગે કહ્યું કે, 'આ શક્ય નહીં બને કારણ કે હોસ્પિટલમાં એવા ઘણા ઘાયલ છે, જેમને કોઈ પણ રીતે હટાવવું તેમના જીવ લેવા જેવું હશે.'

ગાઝામાં કામ કરતા યુનાઈટેડ નેશન્સ(યુએન)ના અધિકારીઓનું કહેવું છે કે ઉત્તરી ગાઝામાં લગભગ ૧૧ લાખ લોકો રહે છે અને તેમને ૨૪ કલાકમાં ત્યાંથી બહાર કાઢવું શક્ય નથી. તેમણે એમ પણ કહ્યું કે હોસ્પિટલમાં દાખલ લોકોની હાલત ખૂબ જ ગંભીર છે. આવી સ્થિતિમાં, આ લોકોને અહીંથી બહાર કાઢવાનો અર્થ તેમની હત્યા કરવા જેવો થશે.

ઈઝરાયેલી સેનાની ચેતવણી બાદ ઉત્તર ગાઝામાં રહેતા લોકોએ દક્ષિણ ગાઝા તરફ સ્થળાંતર કરવાનું શરૂ કરી દીધું છે. યુએનએ કહ્યું કે ઈઝરાયેલની ચેતવણી વચ્ચે લગભગ




૪ લાખ લોકો દક્ષિણ ગાઝા તરફ પલાયન કરી ગયા છે. ઈઝરાયેલની સેનાએ ટેક્ર મારફતે ઉત્તર ગાઝામાં પ્રવેશ કર્યો છે અને માનવામાં આવે છે કે સેના ગમે ત્યારે અહીં હુમલો કરવાનું શરૂ કરી દેશે. ક્વિઝ રિયાલિટી શો કૌન બનેગા કરોડપતિ દરેક ઘરમાં જોવાતો શો છે. આ શોને અમિતાભ બચ્ચન હોસ્ટ કરી રહ્યા છે. આ શોમાં અમિતાભ બચ્ચન પોતાના અંગત જીવન સાથે જોડાયેલી ઘણી વાતો ફેન્સ સાથે શેર કરતા રહે છે. તે પોતાની ફિલ્મો સાથે જોડાયેલી જૂની વાતો પણ તેમના ચાહકોને જણાવતા હોય છે. હોટ સીટ પર આવેલ રચના રસ્તોગી જે એક ગૃહિણી છે. તેમણે પોતાની પારિવારિક સમસ્યા બિગ બીને જણાવી હતી. શોમાં રચના રસ્તોગીએ અમિતાભ બચ્ચન સાથે તેના જીવન સાથે જોડાયેલી વાતો શેર કરી હતી. તેણે પોતાના લગ્ન સંબંધી સમસ્યાઓ વિશે જણાવતા કહ્યું કે, તેનો પતિ મફતમાં કેબીસીમાં આવ્યો છે. પતિ કંગાળ છે અને ક્યાંય બહાર ફરવા લઈ જતો નથી. રચના રસ્તોગીને શાંતિથી સાંભળ્યા બાદ અમિતાભ બચ્ચને ચેનલના હોસ્ટને તેમની પ ોસ્ટ બદલવા માટે કહ્યું હતુ, તેમણે કહ્યું કે તેમની પોસ્ટ હોસ્ટમાંથી મેરેજ કાઉન્સેલર તરીકે બદલવી જોઈએ. આ એકમાત્ર એવી જગ્યા છે જ્યાં તમે ઘરના બધા દુઃખ આવીને કહી દો અને અહીં ઠાલવી દો. અમે તેનો ઉકેલ શોધીશું.

બાદમાં બિગ બીએ સ્પર્ધકના પતિને સલાહ આપી કે, તે પોતાની પત્ની પર પૈસા ખર્ચ કરે. જે બાદ પતિએ જણાવ્યું કે, તે તેની પત્નીને યુરોપ ટ્રીપ પર લઈ ગયો હતો. રચના રસ્તોગીએ તરત જ કહ્યું કે, આ એક સ્પોન્સર્ડ સફર હતી. તેણે પૈસા ખર્ચ્યા નહોતા કર્યા.

### નેપાળ સાથે મૈત્રી બાંધવા ચીનનો પ્રયાસ

## ચીને નેપાળને અબજો રૂપિયાનો ચૂનો લગાવી દીધો

### નેપાળે છ વિમાનો ચીન પાસેથી ખરીદ્યાં હતાં, તેમાંથી એક તો ક્રેશ થયું, બાકીનાં પાંચને ગ્રાઉન્ડ કરી દેવાં પડયાં

। કાઠમંડુ, તા.૧૫ ।

પાકિસ્તાન અને શ્રીલંકાને બર્બાદ કર્યા પછી હવે ચીન કેટલાક સમયથી નેપાળ સાથે મૈત્રી બાંધવા પ્રયત્નો કરે છે. પરંતુ જે કોઈ ચીનની નજીક આવે છે, તે બર્બાદ થઈ જાય છે. તે રીતે નેપાળના પણ ખરાબ દિવસો શરૂ થઈ ગયા છે. તેને ચીને અબજો રૂપિયાનો ચૂનો લગાડી દીધો છે.

થોડાં વર્ષો પૂર્વે નેપાળ એરલાઈન્સે ચીન પાસેથી ૬.૬૬ બિલિયન નેપાળી રૂપિયા (૫૦ મિલિયન ડોલર્સ)માં વિમાન ખરીદ્યાં હતાં. તે અંગે નેપાળનાં ન્યૂઝ પોર્ટલ કાઠમંડુ પોસ્ટ જણાવે છે કે, આ વિમાનો ખરાબ નીકળતાં તેને ગ્રાઉન્ડ કરવામાં આવ્યાં છે. તેની જેટલી કિંમત છે તેથી વધુ તેની તકલીફો છે. નેપાળે ૨૦૧૪-૨૦૧૮ વચ્ચે કુલ



છ વિમાનો ચીન પાસેથી ખરીદ્યાં હતાં. તેમાંથી એક તો ક્રેશ થઈ ગયું. બાકીનાં પાંચને ગ્રાઉન્ડ કરી દેવાં પડયાં. તેમાં બે ૫૬ સીટર એમ.એ.-૬૦, અને ત્રણ ૧૭ મીટર વાય-૧૨-ઈ. સામેલ છે. હવે આ વિમાનો પડયાં પડયાં ખરાબ થઈ રહ્યાં છે. બીજી તરફ દેવામાં ડૂબેલી નેપાળ-એરલાઈન્સ માટે તેને સંચાલિત કરવાં પણ મોંઘાં પડી જાય તેમ છે. આ ઉપરાંત યોગ્ય પાયલોટ્સની અછત, દુર્ઘટના અને અવિશ્વાસનીયતાને લીધે અધિકારીઓએ જલ્દી થી જલ્દી તે વિમાનોથી છૂટકારો મેળવવા નિર્ણય લીધો છે.

### લોકસભાની ચૂંટણી પૂર્વ ભાજપને આંચકો

## પંજાબ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સુનિલ જાખડ સામે પક્ષમાં વિરોધ

। ચંદિગઢ, તા.૧૫ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પૂર્વ પંજાબમાં પોતાનો પાયો મજબૂત કરવાના ઈરાદે ભાજપે એક મોટો દાંવ ખેલ્યો હતો. કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયેલા સુનીલ જાખડને પંજાબના પ્રદેશ અધ્યક્ષ બનાવાયા હતા. જોકે ભાજપનો આ દાંવ ઊંધો સાબિત થયો છે. પાર્ટીમાં તેમની વિરુદ્ધ વિરોધના સ્વર ઊઠવા લાગ્યા છે. માહિતી અનુસાર એક દિવસ પ હેલાં જ એકસાથે આઠ નેતાઓ ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. હવે આ ઘટનાક્રમથી બળવા અને અસંતોષના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. લોકસભા ચૂંટણી પહેલાં પાર્ટીને આઠ વરિષ્ઠ નેતાઓનું પાર્ટી છોડી જવું ભાજપ માટે મોટો આંચકો મનાઈ રહ્યો છે. વિધાનસભા ચૂંટણી બાદ ભાજપમાં જોડાનારા પૂર્વ કેબિનેટમંત્રી બલબીર સિદ્ધુ, ગુરપ્રીત કાંગડ, પૂર્વ ધારાસભ્ય રાજકુમાર વેરકા, મોહિંદર રિણવા, હંસરાજ જોશન, જીત મોહિંદર સિદ્ધુ, કમલજીત ઢિલ્લોં, અમરીક સિંહ ઢિલ્લોંએ ભાજપ છોડી ફરી કોંગ્રેસનો પંજો થામી લીધો છે. આ નેતાઓએ પ ાર્ટીમાંથી જતા જતા ભેદભાવ અને જાત-પાતનો આરોપ મૂક્યો છે. સુનીલ જાખડને અધ્યક્ષ બનાવાયાં બાદ જ પાર્ટીમાં બળવાની શરૂઆત થઈ ગઈ હતી. ભાજપના પૂર્વ ધારાસભ્ય અરુણ નારંગે નારાજગી વ્યક્ત કરતાં પાર્ટી છોડી દીધી હતી. તેમણે કહ્યું કે અનુભવી લોકોની અવગણના કરી જાખડને પ ાર્ટીની કમાન કેમ સોંપાઈ. પ ંજાબ ભાજપે અમુક દિવસ પહેલાં જ પંજાબમાં નવી કાર્યકારિણી બનાવી હતી. તેનો પણ વિરોધ થયો હતો. ભાજપ છોડનારા આ ૮ ધારાસભ્યો કેપ્ટન અમરિંદર સિંહના સમર્થક મનાય છે. હવે રાજકીય કોરિડોરમાં એ વાતની ચર્ચા શરૂ થઈ ચૂકી છે શું ફરી કેપ્ટન અમરિંદર સિંહ કોંગ્રેસમાં ઘરવાપસી કરવા જઈ રહ્યા છે. તાજેતરમાં જ તેમણે સોનિયા ગાંધી સાથે મુલાકાત કરી હતી. તેના બાદથી એવી અટકળો વહેતી થઈ હતી. જોકે અમરિંદર એ વાત પર કહી ચૂક્યા છે કે હું હંમેશા માટે મન બનાવી ચૂક્યો છું કે હું ભાજપમાં જ રહેવાનો છું.

## હમાસ આતંકીઓએ ટોયલેટ પર પણ ગોળીઓ વરસાવી

। નવી દિલ્હી, તા.૧૫ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધ વચ્ચે એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ વીડિયો ૭ ઓક્ટોબરનો છે. આ એ જ દિવસ છે જે દિવસે ગાઝા બોર્ડરની નજીક મ્યૂઝિક ફેસ્ટિવલ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ વીડિયોમાં હમાસ આતંકવાદીઓ ટોયલેટ પર ગોળીઓ વરસાવતા નજર આવી રહ્યા છે.

આ ગોળીઓ એટલી બર્બરતાથી વરસાવવામાં આવી રહી છે કે, એક-એક ટોયલેટ પર એક રાઉન્ડ ગોળી ચલાવવામાં આવી રહી છે. ત્યારબાદ આ આતંકવાદીઓ એ જોયા વગર ત્યાંથી ચાલ્યા જાય છે કે, ટોયલેટમાં કોઈ હતું કે, નહીં અને જો તેમાં હતું તે કેવી સ્થિતિમાં છે. આ વીડિયો ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે શેર કર્યો છે. વીડિયોની સાથેના કેપ્શનમાં લખ્યું છે કે, નોવા મ્યુઝિક ફેસ્ટિવલ દરમિયાન હમાસના આતંકવાદીઓએ ટોયલેટમાં ગોળીઓ વરસાવી હતી. તેઓને એ વાતની બિલકુલ પરવા ન હતી કે, અંદર કોણ છે અને તેમની સાથે શું થઈ શકે છે. તેમનો હેતુ મારી નાખવાનો



જ હતો. ફેસ્ટિવલ દરમિયાન ૨૬૦ લોકો માર્યા ગયા હતા. હમાસના આતંકવાદીઓએ થોડા જ અંતરે ગોળીઓના તેજ અવાજની વચ્ચે સ્ટોલ્સ પર નવ ગોળીઓ ચલાવી હતી. હમાસના આતંકવાદીઓ દ્વારા ઈઝરાયેલમાં ઘૂસીને નાગરિકોને નિશાન બનાવ્યા બાદ અહીં વિદેશીઓ સહિત ૧,૩૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. ગાઝામાં અધિકારીઓએ જણાવ્યું કે, જવાબી હવાઈ હુમલામાં લગભગ ૧,૯૦૦ ગાઝા વાસી માર્યા ગયા છે. તેમાં ૬૧૦થી વધુ બાળકો છે. ઈઝરાયેલે આજે જણાવ્યું હતું કે, તેમણે હમાસના વાયુસેના ચીફ અબુ મુરાદને રાતભર કરેલા હવાઈ હુમલામાં ઠાર કર્યો છે. ઈઝરાયલી એરફોર્સે હમાસના હેડક્વાર્ટરને નિશાન બનાવ્યું હતું.

### વિશ્વભરમાં ભૂકંપના આંચકાનો દોર યથાવત

## તાઈવાનના પૂર્વીય તટ પર ૫.3ની તીવ્રતાનો ભૂકંપ

। નવી દિલ્હી, તા.૧૫ ।

અફઘાનિસ્તાનમાં ભૂકંપ થી ભારી તબાહી બાદ હવે તાઈવાનના પૂર્વી તટ પર આજે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૫.૩ નોંધાઈ હતી. થોડા સમય માટે તાઈવાનની રાજધાનીની તમામ ઈમારતો જોરદાર આંચકાથી ધ્રૂજી ઉઠી હતી. પરંતુ અત્યાર સુધીમાં નુકસાનની કોઈ સ્પષ્ટ જાણકારી સામે નથી આવી. હવામાન બ્યૂરોએ જણાવ્યું કે, ભૂકંપનું કેન્દ્ર હુલિએન કાઉન્ટી નજીક સમુદ્રમાં ૭.૨ કિમી (૪.૫ માઈલ) ની ઊંડાઈએ હતું. સ્થાનિક મીડિયાના અહેવાલો પ્રમાણે જોરદાર ભૂકંપ બાદ લોકો ગરી ગયા છે. બધા પોત-પોતાના ઘર અને ઓફિસમાંથી બહાર નીકળી ગયા હતા. તાઈવાન બે ટેક્ટોનિક પ્લેટોના જંકશન નજીક સ્થિત છે અને ભૂકંપ માટે સંવેદનશીલ છે.

આ અગાઉ ૧૮ સપ્ટેમ્બરના રોજ તાઈવાનના ઉત્તર-પૂર્વમાં ભૂકંપના તીવ્ર



આંચકા અનુભવાયા હતા. તે દરમિયાન ભૂકંપની તીવ્રતા ૬.૧ આંકવામાં આવી હતી. ભૂકંપના કારણે ઈમારતો ધ્રુજી ઉઠી હતી. જોકે, તે દરમિયાન પણ નુકસાન અંગે કોઈ સ્પષ્ટ માહિતી આપ વામાં નહોતી આવી. વર્ષ ૨૦૨૨ના સપ્ટેમ્બરમાં તાઈવાનમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. તે સમયે ભૂકંપની તીવ્રતા રિકેટર સ્કેલ પર ૬.૮ આંકવામાં આવી હતી. આ દરમિયાન તાઈવાનના દક્ષિણ-પૂર્વી ભાગમાં લગભગ ૧૫૦ લોકો ઘાયલ થયા હતા અને એક વ્યક્તિનું મોત થઈ ગયુ હતું.

**વિશેષ** 'સ્વચ્છતા હી સેવા' - અમદાવાદ જિલ્લો, સ્વચ્છ અસલાલી, સ્વસ્થ અસલાલી માટે ગ્રામજનોએ વ્યક્ત કરી પ્રતિબદ્ધતા

# જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવેએ જાતે બસ સ્ટેશનમાં સફાઈ કરી આગેવાનો અને નાગરિકોનો ઉત્સાહ વધાર્યો







રાજ્યભરમાં સ્વચ્છતા એક જનઆંદોલનના સ્વરૂપે ઉપસી આવ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પણ નાગરિકો સ્વચ્છાગ્રહી બને અને સ્વસ્થ રહે તે હેતુથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. ત્યારે કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. ના માર્ગદર્શનમાં સમગ્ર અમદાવાદ જિલ્લામાં સ્વચ્છતાને અનુલક્ષીને વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં અમદાવાદના ગ્રામ્ય વિસ્તારોને સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવે અને તેમની ટીમ દ્વારા તલસ્પર્શી આયોજન કરાયું છે. એટલું જ નહીં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિવિધ સ્થળોએ ચાલી રહેલા સ્વચ્છતા અભિયાનની મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન પણ આપી રહ્યા છે. ૧૫મી ઓક્ટોબર, રવિવારના રોજ તેઓ દસક્રોઈ તાલુકાના અસલાલી ગામે પહોંચી સફાઈ અભિયાનમાં જોડાયા હતા. હાથમાં ઝાડુ લઈ તેમણે બસ સ્ટેશનની સફાઈ કરી. તેમના આ પ્રેરક પગલાથી સફાઈ અભિયાનમાં જોડાયેલા આગેવાનો અને નાગરિકોનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો. આમ સૌના સહિયારા પ્રયાસથી બસ સ્ટેશન સ્વચ્છ બની ગયું.

આ સ્વચ્છતા ઝુંબેશ બાદ અસલાલીના નાગરિકોએ પણ જ્યાં ત્યાં કચરો નહીં કરવા અને ઘર તથા જાહેર સ્થાનોને સ્વચ્છ રાખવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. અને સ્વચ્છ અસલાલી, સ્વસ્થ અસલાલી માટે સંકલ્પ બદ્ધ થયા હતા. આ સ્વચ્છતા ઝુંબેશ બાદ અસલાલીના નાગરિકોએ પણ જ્યાં ત્યાં કચરો નહીં કરવા અને ઘર તથા જાહેર સ્થાનોને સ્વચ્છ રાખવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. અને સ્વચ્છ અસલાલી, સ્વસ્થ અસલાલી માટે સંકલ્પ બદ્ધ થયા હતા.

-વિવેક, પ્રાદેશિક માહિતી કચેરી- અમદાવાદ

# આજથી રાજ્યમાં ફરી મહાસફાઈ અભિયાનની શરૂઆત કરાશે

| અમદાવાદ, તા.૧૫ |

મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે તેમના સ્વચ્છતા અંગેના આદર્શ વિચારોને સાર્થક કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્યમાં પણ આ અભિયાન જન ભાગીદારી થકી વધુ વ્યાપક બન્યું છે અને રાજ્યમાં નિત્ય સ્વચ્છતાની ગુંજ ફેલાઈ છે. ગુજરાતમાં આગામી ૨ મહિના સુધી આ અભિયાનને લંબાવીને સમગ્ર રાજ્યને સ્વચ્છ, નિર્મળ અને સુઘડ બનાવવા રાજ્ય સરકાર દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સફાઈ ઝુંબેશને વધુ અસરકારક બનાવવા જનભાગીદારી થકી ઠેર ઠેર જનભાગીદારી થકી સફાઈ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે અને પરિણામે આ ઝુંબેશ જન આંદોલન બની છે. રાજ્ય સરકાર દ્વારા તા. ૧૬ ઓક્ટોબરથી ૨૧ ઑક્ટોબર દરમિયાન પણ સફાઈ ઝુંબેશ માટે આગોતરું આયોજન કરાયું છે. આ અઠવાડિયામાં રાજ્યના વિવિધ શહેર અને ગ્રામ્ય વિસ્તારના તમામ મ્યુઝીયમ, હેરીટેજ બિલ્ડીંગ, પુરાતત્ત્વીય સાઈટ, મહાપુરુષોની પ્રતિમા, નદી, તળાવ, પાણીના સ્ત્રોતો અને સમુદ્ર કિનારાની સફાઈ હાથ ધરવામાં આવશે. જ્યારે ૨૨ ઑક્ટોબર અને રવિવારના રોજ રાજ્યના ધાર્મિક સ્થળો, મ્યુઝીયમ અને પ્રવાસન સ્થળોની સાફ સફાઈ કરવામાં આવશે. આ અભિયાનમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સૌને અનુરોધ કરાયો છે. ગુજરાત સરકાર દ્વારા અત્યારે પણ સમગ્ર રાજ્યમાં આયોજનબદ્ધ રીતે દર અઠવાડિયે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. ડોર ટુ ડોર વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા કચરા એકત્રીકરણની પ્રવૃત્તિ વધુ સઘન બનાવવામાં આવી છે. કચરાના વર્ગીકરણ અને આખરી નિકાલની વ્યવસ્થાને પણ સુચારૂ બનાવવામાં આવી છે. મહાનગરપાલિકા અને નગરપાલિકાની વિસ્તાર ઉપરાંત ગામડાઓમાં પણ જાહેર સ્થળોની સફાઈ કરવામાં આવી રહી છે.

### સાડકપોર ગામે દીપડાએ ૨૪ વર્ષની યુવતીનો શિકાર કરી ફાડી ખાધી : દીપડાના હુમલામાં છાયા પટેલનું મોત

# નવસારીમાં દીપડાએ યુવતીનો શિકાર કરી તેને ફાડી ખાધી

| નવસારી, તા.૧૫ |

રાજ્યમાં સૌથી વધુ દીપડા નવસારી જિલ્લામાં વસ્યા છે. ત્યારે છાસવારે ગામડાઓમાં દીપડા પશુ પક્ષીનો શિકાર કરતા હોવાની ઘટનાઓ સામે આવતી રહી છે. પરંતુ ગત રાતે ચીખલીના સાડકપોર ગામે શિકારની શોધમાં નિકળેલા દીપડાએ કુદરતી હાજતે નિકળેલી ૨૪ વર્ષીય યુવતી ઉપર તરાપ મારી તેને ખેંચી ગયો હતો અને શિકાર સમજી ફાડી ખાધી હતી. ઘટનાની જાણ થતા જ ગામમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. સાથે જ વન વિભાગ અને ચીખલી પોલીસને જાણ થતા બંને એજન્સીઓ ઘટના સ્થળે પહોંચી દીપડાને શોધવામાં ચક્રો ગતિમાન કર્યા છે. નવસારી સહિત દક્ષિણ ગુજરાતમાં દીપડાની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે. ગત ગણતરીમાં નવસારી જિલ્લામાં જ ૭૮ દીપડા નોંધાયા હોવાની માહિતી સામે આવી છે. ત્યારે શેરડીના ખેતરો દીપડા માટે મહત્ત્વનાં રહેઠાણ બન્યા છે. તેવામાં લોકોએ હવે દીપડાઓ સાથે રહેતા શીખવું પડશેની વાતો જાણકારો કરી રહ્યા છે. એવામાં ગત રોજ સાંજના સમયે ચીખલી તાલુકાના સાડકપોર ગામના પહાડ ફળિયામાં રહેતી ૨૪ વર્ષીય છાયા પટેલ નોકરીએથી આવ્યા બાદ ઘરના વાડામાં શૌચ ક્રિયા કરવા ગઈ હતી. પરંતુ ત્યાં પહેલેથી ઘાત લગાવીને બેઠેલા દીપડાએ છાયા નીચે બેસતા જ એને શિકાર સમજીને એના ઉપર તરાપ મારી હતી. તરાપ મારીને દીપડાએ છાયાને ગળામાંથી પકડી એને પાછળ વાડી વિસ્તારમાં ખેંચી ગયો હતો. દીપડાનો પ્રતિકાર કરવાની ક્ષમતા ન હોવાથી છયાનો થોડીવારમાં જ પ્રાણ પંખેરું ઊડી ગયુ હતું. ત્યાર બાદ દીપડાએ ઘર નજીક જ છાયાને ફાડી ખાધી હત અને થોડા સમય બાદ ઘટના સ્થળેથી ભાગી છૂટ્યો હતો. દોઢથી બે કલાક બાદ છાયા ઘર પરત ન ફરતા શોધવા નિકળેલા તેના પરિજનોને ક્ષત વિક્ષત હાલતમાં તેનો મૃતદેહ મળતા તેઓના હોશ ઉડી ગયા હતા. ઘટનાની જાણ ગ્રામજનોને થતા તાત્કાલિક ચીખલી વન વિભાગને જાણ કરવામાં આવી હતી. બીજી તરફ ચીખલી પોલીસને પણ ઘટનાની જાંત થતા મૃતક છાયા પટેલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ચિજહકી રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સાડકપોર ગામમાં છેલ્લા અઠવાડીયાથી દીપડાના આંટાફેરા વધ્યા હતા. પહાડ ફળિયામાં છાયા પટેલના ઘરના પાછળ શેરડીનું ખેતર સાથે જ આંબાવાડી હોવાથી જંગલ જેવો જ વિસ્તાર બન્યો હતો. ઘરમાં શૌચાલય હોવા છતાં પણ છાયા વાડામાં કળા કેશ જેવા અંધારામાં લાઈટ ચાલુ કર્યા વિના જ ખુલ્લામાં શૌચ કરવા ગઈ હતી. સમાન્ય રીતે દીપડા તેની આંખના સ્તરે આવતા પ્રાણીઓને જ શિકાર બનાવતા હોય છે. માણસની ઉંચાઈને કારણે તેનાથી મોટું પ્રાણી સમજે છે. તેથી માણસ ઉપર શિકારના ઈરાદે હુમલો કરતો નથી. પરંતુ ગત રોજ છાયા શૌચ માટે નીચે બેસી હોવાથી દીપડાએ તેનો શિકાર કરી પોતાનો કોળિયો બનાવ્યો હતો. જેના થોડા કલાકો બાદ પણ ગામમાં અન્ય જગ્યાએથી વાછરડાનો શિકાર કર્યો હતો. ઘટના બાદ ચીખલી વન વિભાગ દ્વારા દીપડાને પકડવા મારણ સાથે બે પાંજરા મૂકવામાં આવ્યા છે. સાથે જ ચીખલી ઈર્હ્ન દ્વારા ગ્રામીણોએ શૌચાલયનો ઉપયોગ કરવા અને રાત્રીના અંધારામાં ઘર બહાર નીકળે, તો લાઈટ સળગાવી બહાર નીકળવા અથવા મસાલ જેવી વસ્તુ સાથે રાખવા અપીલ કરવામાં આવી છે.

### પાટીલે કહ્યું, લોકસભામાં આવે તો અમે લઈ જવા તૈયાર

# રાજકોટના મૌલેશ ઉકાણીને મળી શકે લોકસભા ટિકિટ

### મને દિલ્લી જવામાં નથી રસ : મૌલેશ ઉકાણીની સ્પષ્ટતા

| રાજકોટ, તા.૧૫ |

લોકસભા માટે ગુજરાત ભાજપમાં તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. કેટલાક નેતાઓએ લાગતા વળગતા લોકોને લોબીંગ કરવાનું પણ શરૂ થઈ ગયું છે. જોકે, ટિકિટ કોને મળશે તે તો દિલ્હી દરબારમાં જ માલૂમ પડશે. આવામાં લોકસભાની ચૂંટણીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. રાજકોટમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલેએ એક ભાઈને ખુલ્લેઆમ લોકસભામાં આવવાની ઓફર કરી છે. સીઆર પાટીલે કહ્યું કે, મૌલેશભાઈ લોકસભામાં આવે તો અમે લઈ જવા માટે તૈયાર છીએ. ઉલ્લેખનીય છે કે, મૌલેશભાઈ ઉકાણી



સૌરાષ્ટ્રમાં ખૂબ જ સેવાકીય પ્રવૃતિમાં મોટું નામ ધરાવતા ઉદ્યોગપતિ છે. આજે પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર.પાટીલ રાજકોટ પહોંચ્યા હતા. જ્યાં તેમણે વિશ્વબંધુ રક્તદાન મહોત્સવમાં હાજરી આપી હતી. કડવા પાટીદાર આગેવાન મૌલેશ ઉકાણીના ષષ્ઠીપૂર્તિ કાર્યક્રમની પણ આ પ્રસંગે ઉજવણી કરાઈ. ત્યારે સી.આર.પાટીલે મૌલેશ ઉકાણીને જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારે આ કાર્યક્રમમાં આગામી લોકસભા ચૂંટણીને લઈને ચર્ચા શરૂ થઈ હતી. કાર્યક્રમમાં કાનાફૂસી થઈ કે, લોકસભા ચૂંટણીમાં મૌલેશ ઉકાણીને ટિકિટ મળી શકે છે. કારણ કે, સીઆર પાટીલે જાહેરમાં એવી વાત કરી હતી. ત્યારે શું આ વખતે રાજકોટ લોકસભાની ટીકીટ નવા ચહેરાને મળશે તેવુ ચર્ચાઈ રહ્યું છે. સી.આર.પાટીલની હાજરીમાં મૌલેશ ઉકાણીની રક્તતુલા થઈ હતી. ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે કાર્યક્રમમાં હળવી શૈલીમાં કહ્યું કે, એક ચર્ચા એવી છે કે મૌલેશ ભાઈને લોકસભામાં લઈ જવાના છે.

### નવરાત્રિના પાવન પર્વને લઈ સુરત પોલીસ સતર્ક

# DCPથી લઈ કોન્સ્ટેબલ સુધીનો કાફલો નવરાત્રી મેદાનોમાં રહેશે તૈનાત

### નવરાત્રિના પર્વને લઈને ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ

| સુરત, તા.૧૫ |

નવરાત્રિના પાવન પર્વને લઈ સુરત પોલીસ સતર્ક થઈ ગઈ છે. શહેરમાં નવરાત્રિ દરમિયાન કાયદો વ્યવસ્થા જળવાય રહે DCP થી લઈ કોન્સ્ટેબલ સુધીનો કાફલો નવરાત્રી મેદાનોમાં રહેશે તૈનાત રહેશે. VHP એ માંગ કરી હતી કે મુસ્લિમ યુવકો ને નવરાત્રીમાં પ્રવેશવા દેવામાં નહિ આવે તેના જવાબ માં પોલીસ કમિશ્નરે કહ્યું કોઈ પણ વ્યક્તિ એ કાયદો હાથમાં લેવો નહિ રહેશે, કાયદાકીય રીતે કડક હાથે કાર્યવાહી કરવામાં આવશે. નવરાત્રી આયોજન સ્થળે કોઈપણ સમશ્યા સર્જાય તો તરત પોલીસ ને જાણ કરવી. પોલીસ તરત ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરશે. આજથી નવરાત્રિનો પર્વ શરૂ થઈ ગયો છે ત્યારે ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હવે ગણતરીના કલાકમાં જ શહેરના વિવિધ સ્થળે ખેલૈયાઓ ગરબાના રંગમાં રંગાઈ



જશે. સુરત પોલીસ સતર્ક થઈ ગઈ છે. શહેરમાં નવરાત્રિ દરમિયાન કાયદો વ્યવસ્થા જળવાય રહે DCPથી લઈ કોન્સ્ટેબલ સુધીનો કાફલો નવરાત્રી મેદાનોમાં રહેશે તૈનાત રહેશે. સુરત એર પોલીસ કમિશનર અજયકુમાર તોમરે નવરાત્રિને લઈ પોલીસની તૈયારી બતાવતા પત્રકાર પરિષદ યોજી જણાવ્યું હતું કે જાહેરનામું બહાર પડાયું છે. વાહન ચેકિંગ કરવામાં આવશે. પીધેલા લોકો પકડવામાં આવશે. બુટલેગરો વિરુદ્ધ કાર્યવાહી કરાઈ રહી છે. અસામાજિક પ્રવૃતિ ચલાવી લેવામાં આવશે નહીં.

### કચ્છના ખાવડા નજીક ગતરાત્રીએ ૧૦.૪૮ વાગ્યે ભૂકંપ આંચકો અનુભવાયો હતો, કચ્છની ધરતી ધણધણી ઉઠી હતી

# રાજ્યના કચ્છ ખાતે ૨.૬ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

| કચ્છ, તા.૧૫ |

ગુજરાત હજી ૨૦૦૧નો કચ્છનો ભૂકંપ ભૂલ્યું નથી. જેણે છેક અમદાવાદ સુધી વિનાશ વેર્યો હતો અને હજારો લોકોના મોત થયા હતાં. ત્યાર પછી તો કચ્છમાં અવારનવાર નાના ભૂકંપના આંચકા અનુભવાય છે. કચ્છમાં ભૂકંપના નાના આંચકા તો સામાન્ય બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ફરી કચ્છની ધરતી ધ્રુજી ઉઠતાં લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. કચ્છના ખાવડા નજીક ગતરાત્રીએ ૧૦.૪૮ વાગ્યે ભૂકંપ આંચકો અનુભવાયો હતો. ગઈકાલે રાત્રે કચ્છની ધરતી ધણધણી ઉઠી હતી. મોડીરાત્રે અનુભવાયેલા ભૂકંપના આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૬ની નોંધાઈ છે. જ્યારે ભૂકંપનું કેન્દ્રબિંદુ ખાવડાથી ૧૭ કિલોમીટર દૂર નોંધાયું છે. હાલમાં કોઈપણ પ્રકારની જાનહાનિ કે આર્થિક નુકસાનના સમાચાર સામે આવ્યા નથી. પરંતુ વારંવાર આવી રહેલા ભૂકંપના આંચકાને કારણે લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

૧ સપ્ટેમ્બરે આવ્યો હતો ૪.૫ની તીવ્રતાનો ભૂકંપ

આ પહેલા કચ્છમાં ૧ સપ્ટેમ્બરે ભૂકંપના આંચકાનો અનુભવ થયો હતો. જેમા રાત્રીના ૮.૫૪ મિનિટે ૪.૫ની તીવ્રતાનો ભૂકંપ આવતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જેનું કેન્દ્રબિંદુ દૂધઈથી ૧૫ કિલોમીટર દૂર હતું. આ અગાઉ પણ દૂધઈમાં જ ૩.૩ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો.

- ૭.૯ રિક્ટર સ્કેલ પર ભૂકંપ આવવા પર બિલ્ડીંગો ધરાશાયી થઈ જાય છે. ત્યારે ૨.૯ રિક્ટર સ્કેલ ભૂકંપ આવવા પર સામાન્ય ધ્રૂજારી થાય છે. જ્યારે ૯ની તીવ્રતા પર તબાહી મચી જાય છે. આપણે બતાવીએ ભૂકંપની કેટલી તીવ્રતા આવાથી શું થઈ શકે અને તેની અસર કેવી થાય.
- ૦થી ૨ રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ આવતા તેની અસર ઓછી થાય છે. આંચકાનો અનુભવ થતો નથી. માત્ર સીઝ્મોગ્રાફથી જ જાણી શકાય છે.
- ૨થી ૨.૯ રિક્ટર સ્કેલઃ આ ભૂંકપ આવવાથી સામાન્ય આંચકો અનુભવાય છે. થોડી અસર થાય છે.
- ૩થી ૩.૯ રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ આવતાં પંખા અને ઝુમર હલવા માંડે છે. આવા આંચકાથી વસ્તુઓ વેર વિખેર થઈ જાય છે.

### ટેક્સ ચોરીનુ મોટુ રેકેટ હોવાની આશંકા

# અરવલ્લી LCB એ ગેરકાયદેસર હેરાફેરી કરાતો તમાકુનો વિશાળ જથ્થો ઝડપ્યો

| અરવલ્લી, તા.૧૫ |

અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે પર થી ગુજરાતમાં ગેરકાયદેસર રીતે ઘુસાડવામાં આવતો તમાકુના જથ્થાને પોલીસે ઝડપી લીધો છે. ટેક્સની ચોરી કરવા માટે થઈને ઈનવોઈસ બીલમાં છેડછાડ કરીને તેમજ ઈ-વે બીલ રાખ્યા વિના જ તમાકુની હેરફેર કરવામાં આવી રહી હતી. મોડાસા એલસીબીની ટીમે ટ્રક અને તેના ચાલકની અટકાયત કરીને કાર્યવાહી કરી હતી. આ સાથે તમાકુ અને ગુટખા સહિતની ચીજોમાં મોટા પાયે ટેક્સ ચોરીનો રેકેટ ચાલતુ હોવાની આશંકા પણ આ ઘટના પરથી સેવાઈ રહી છે.અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે પર થી ગુજરાતમાં ગેરકાયદેસર રીતે ઘુસાડવામાં આવતો તમાકુના જથ્થાને પોલીસે ઝડપી લીધો છે. ટેક્સની ચોરી કરવા માટે થઈને ઈનવોઈસ બીલમાં છેડછાડ કરીને તેમજ ઈ-વે બીલ રાખ્યા વિના જ તમાકુની હેરફેર કરવામાં આવી રહી હતી. મોડાસા ન્ઝ્રમ્ ની ટીમે ટ્રક અને તેના ચાલકની અટકાયત કરીને કાર્યવાહી કરી હતી. આ સાથે તમાકુ અને ગુટખા સહિતની ચીજોમાં મોટા પાયે ટેક્સ ચોરીનો રેકેટ ચાલતુ હોવાની આશંકા પણ આ ઘટના પરથી સેવાઈ રહી છે. બીજી તરફ નેશનલ હાઈવે પર જીએસટીની ટીમો દ્વારા અવારનવાર વાહનો રોકીને કાર્યવાહી કરાતી હોવાનો દેખાડો કરે છે. આમ છતાં રાજ્યમાં આવી રીતે ઈ-વે બીલ વિનાના વાહનો મોટા પ્રમાણમાં ઘૂસી આવીને ટેક્સની ચોરી કરતા હોય છે. પરંતુ અરવલ્લી એલસીબીની ટીમને શંકાસ્પદ વાહન લાગતા તેની ચકાસણી કરતા તેમાંથી તમાકુનો જથ્થો મળી આવ્યો હતો.સરહદી જિલ્લો હોવાને લઈ અરવલ્લી પોલીસ સતત સતર્ક રહે છે.

### સુરતમાં શોર્ટસર્કિટની ઘટના બની

# ઘરમાં ચાર્જિંગમાં મૂકેલી E-bikeની બેટરીમાં Short Circuit થતા આગ લાગી

### ઘર મલિક પિતા-પુત્ર અને પાડોશી સહીત ૪ લોકો દાઝી ગયા

| સુરત, તા.૧૫ |

સુરતમાં ચાર્જિંગમાં મુકેલા EVની બેટરીના કારણે ઘરમાં બોમ્બની જેમ વિસ્ફોટની ઘટના વિશે સાંભળવા મળ્યું છે. **Mobile Phone** બાદ હવે ઈલેક્ટ્રિક વેહિકલ સાથે પણ બેટરીમાં શોર્ટસર્કિટના કારણે વિસ્ફોટની ઘટના બની છે. બેટરીમાં વિસ્ફોટની આ ઘટનાઓ તકનીકી ખામીઓ તો ક્યારેક સામાન્ય ભૂલોના કારણે પણ બનતી હોય છે પણ હવે તપાસ જરૂરી જણાય છે. સુરતના પુણા વિસ્તારમાં ઈલેક્ટ્રિક બાઈકની બેટરીમાં વિસ્ફોટ થતા દોડધામ મચી હતી. વાત આટલેથી અટકી ન હતી અને ઘટના સાથે વીજકરંટ સ્વીચબોર્ડમાં શોર્ટસર્કિટ પણ થયો હતો. પડતા ઉપર પાટુ મારતી ઘટનામાં ગેસ પણ લીકેજ હોવાથી સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. ઘરમાં લાગેલી આગ ઓલવવાના પ્રયાસ દરમિયાન ઘર મલિક પિતા-પુત્ર અને પાડોશી સહીત ૪ લોકો દાઝી ગયા હતા જેમને સ્મીમેર સારવાર માટે



લઈ જવાયા હતા. બેટરીમાં વિસ્ફોટનું સૌથી મોટું કારણ ગરમી છે. હવે તમે વિચારતા હશો કે બેટરી હીટિંગનો સંબંધ હવામાન સાથે છે પરંતુ એવું બિલકુલ નથી. વાસ્તવમાં, જો કોઈ કારણોસર બેટરીનું તાપમાન વધી જાય છે અને બેટરી ખૂબ ગરમ થઈ જાય છે તો બેટરીમાં વિસ્ફોટની શક્યતાઓ વધી જાય છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે જ્યારે બેટરીનો કોઈ પણ ભાગ કોઈ કારણસર ખૂબ જ ગરમ થઈ જાય તો તે ઝડપથી ઠંડો થઈ શકતો નથી. આ સ્થિતિમાં બેટરી વિસ્ફોટની વધુ સંભાવના રહેતી હોય છે. સારા ફોનમાં બેટરીને ઠંડક આપવાની વ્યવસ્થા હોય છે પરંતુ ચાર્જિંગના તમામ ઉપકરણોમાં આ કૂલિંગની સુવિધા હોતી નથી.

### દિવાળી નજીક આવતા તેજીનો માહોલ

# સુરત શહેરના ટેક્સટાઇલ ઉદ્યોગમાં તેજીનો માહોલ

| સુરત, તા.૧૫ |

છેલ્લા ઘણા સમયથી મંદીના માહોલમાંથી પસાર થઈ રહેલા સુરત ટેક્સટાઈલ ઉદ્યોગને મોટી રાહત મળી છે. નવરાત્રી, દિવાળી સહિતના તહેવારો નજીક છે, ત્યારે બહારગામથી ઓર્ડરો નીકળતા વેપારની નવી આશા જાગી છે. હમણાં સુધી મંદીનો સામનો કરી રહેલા સુરત ટેક્સટાઈલ્સ માર્કેટમાંથી પ્રતિદિવસ માંડ માંડ ૫૦થી ૬૦ જેટલી ટ્રક માલ ભરી અન્ય રાજ્યમાં જતી હતી, જે ટ્રકોની સંખ્યા વધીને ૨૪૦થી ૨૫૦ પર પહોચી છે. જેના પગલે દિવાળી સુધીમાં સુરત ટેક્સટાઈલ્સ માર્કેટને અંદાજીત આઠથી દસ હજાર કરોડનો વેપાર મળે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. દિવાળી નજીક આવતા સુરતના ટેક્સટાઈલ માર્કેટમાં ટ્રકોની ડિમાન્ડમાં વધારો થયો છે. આ અંગે સુરત ટેક્સટાઈલ ગુડ્સ એન્ડ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ યુવરાજ દેસલેએ જણાવ્યું કે, સુરત એક ટેક્સ્ટાઈલ હબ છે. જેમાં એશિયાની મોટામાં મોટી ટેક્સટાઈલ મંડી આવેલી છે. રક્ષાબંધનના પર્વ પર સુરતથી દરરોજ અંદાજીત ૧૮૦ જેટલી ટ્રકો કાપડ અને સાડીના પાર્સલો લઈ અન્ય રાજ્યોમાં મોકલવામાં આવતી હતી. પરંતુ હાલ દિવાળીનો તહેવાર નજીક છે અને ગઈકાલથી સુરતથી અલગ અલગ રાજ્યોમાં અંદાજીત ૨૩૫ જેટલી ટ્રકમાં પાર્સલો મોકલવામાં ૠ આવ્યા છે. તેઓએ જણાવ્યું કે, દિવાળીની સાથે સાથે આગામી દિવસોમાં નવરાત્રી, દુર્ગા પૂજા, લગ્નસરા અને બિહારમાં મુખ્ય છઠ પૂજાનો તહેવાર આવી રહ્યો છે. જેના કારણે સુરતથી દરરોજ ૩૦૦ જેટલી ટ્રકો અન્ય રાજ્યોમાં જશે. આગામી દિવસોમાં આવી રહેલા દિવાળી સહિતના તહેવારોને પગલે માર્કેટ અને ટ્રાન્સપોર્ટ ગોડાઉન બહાર પણ પાર્સલોના ખડકલા થઈ રહ્યા છે. ટ્રાન્સપોર્ટ ગોડાઉનનો દ્વારા પણ હાલ બુકિંગ લેવામાં આવી રહ્યું છે. પાર્સલોના ખડકલાના કારણે ટ્રકોની પણ હાલ અછત વર્તાવા લાગી છે. પરંતુ તેમ છતાં બુકિંગ બંધ કરવામાં આવ્યું નથી. જોકે, તહેવારોને લઈ ટ્રાન્સપોર્ટ સંચાલકોને વધુ ડિસ્પેચિંગ મળવાનો આશાવાદ છે અને ટ્રકોની સંખ્યા પ્રતિદિવસ ૩૦૦ને પાર કરી જાય તેવી શક્યતા છે.

### માંજલપુર પોલીસ મથકની હદમાં અકસ્માત સર્જાયો

# ભરૂચ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પુત્રની કારે દંપત્તીને અડફેટે લીધું

| વડોદરા, તા.૧૫ |

વડોદરામાં માંજલપુર પોલીસ મથકની હદમાં અકસ્માત સર્જાયો છે.આ અકસ્માત ભરૂચ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પુત્રની કાર દ્વારા જ થયો હોવાનું સામે આવ્યુ છે. ભરૂચ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પુત્ર કેયુર પટેલે નશાની હાલતમાં અકસ્માત સર્જ્યો હોવાનું સામે આવી રહ્યુ છે.વડોદરામાં માંજલપુર વિસ્તારમાં એક દંપત્તી સવારે મોર્નિંગ વોક માટે નીકળ્યુ હતુ. તે સમયે ભરૂચ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પુત્રની કારે આ દંપત્તીને અડફેટે લીધુ હતુ. જે પછી આ દંપત્તીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન પતિનું મોત થયુ છે. જ્યારે પત્ની સારવાર હેઠળ છે. મૃતક રાજેશ પટેલ બિલ ગામથી પોતાના ઘરે ચાલતા જતા હોવાની માહિતી છે.પૂર્વ પ્રમુખના પુત્ર કેયુર પટેલે નશાની હાલતમાં અકસ્માત સર્જ્યો હોવાનું સામે આવ્યુ છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨